RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 190* Date: 08.05.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ગોવામાં પોઝિટિવિટી દર ૪૧ ટકા, બંગાળમાં એક દિવસમાં ૧૧૭ અને મહારાષ્ટ્રમાં ૮૫૩ મોત

# કોરોનાએ તમામ રેકોર્ડ તોડ્યા,તમામ રેકોર્ડ, ત્રીજી વખત નવા કેસ ૪ લાખને પાર



ન્યુ દિલ્હી,તા.૭

કોરોના વાયરસના કારણે દેશમાં દરરોજ નવા નવા રેકોર્ડ બની રહ્યા છે. ગુરૂવારે ભારતમાં કોરોનાના રેકોર્ડ સમાન નવા કેસ નોંધાયા હતા. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪,૧૪,૪૩૩ નવા કેસ સામે આવ્યા હતા અને ૩,૯૨૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. એક જ દિવસમાં કોરોનાના નવા કેસનો આંકડો ૪.૧૪ લાખને પાર કરી ગયો હોય તેવું પહેલી વખત બન્યું છે. જ્યારે ત્રીજી વખત દેશમાં કોરોનાના નવા કેસએ ૪ લાખનો આંકડો પાર કર્યો છે. અગાઉ બુધવારે દેશમાં કોરોનાના ૪,૧૨,૬૧૮ નવા કેસ સામે આવ્યા હતા જ્યારે ૩૦ એપ્રિલના રોજ ૪,૦૨,૩૫૧ નવા કેસ નોંધાયા હતા. સતત વધી રહેલા કોરોના કેસ વચ્ચે આ મહામારીની સંભવિત ત્રીજી લહેરને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની તૈયારીઓ સામે સવાલ ઉઠાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે જો ત્રીજી લહેરમાં બાળકો કોરોનાથી સંક્રમિત થશે તો સરકાર પાસે તેમની સારવાર માટે શું પ્લાન છે તેવો સવાલ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે પુછ્યું હતું કે, જો બાળકો સંક્રમિત થશે તો શું માતા-પિતા હોસ્પિટલમાં રહેશે. સાથે જ સુપ્રીમ કોર્ટે શું નવા ગ્રેજ્યુએટ ડોક્ટર અને નર્સને ત્રીજી લહેર દરમિયાન સેવામાં લઈ શકાય તેવો સવાલ પણ કર્યો હતો.

મહારાષ્ટ્રમાં કોરોનાના કેસમાં ફરી એક વખત વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં કોરોનાના ૬૨,૧૯૪ નવા કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં કોરોનાનો મૃતકઆંક પણ ચિંતાજનક બન્યો છે. પ્રદેશમાં એક જ દિવસમાં ૮૫૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. રાજધાની મુંબઈમાં

### દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪,૧૪,૪૩૩ નવા કેસ સામે આવ્યા હતા અને ૩,૯૨૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો

૨૪ કલાકમાં કોરોનાના ૩,૦૫૬ નવા કેસ સામે આવ્યા હતા અને ૬૯ લોકો મૃત્યુ પામ્યા હતા.

પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં સંપન્ન થયેલી વિધાનસભાની ચૂંટણી બાદ ભારે ગંભીર પરિણામો બહાર આવી રહ્યા છે અને બેફામ ગતિથી સાથે વાઈરસ ફેલાઈ રહ્યો છે અને દરરોજ હજારોની સંખ્યામાં નવા કેસ બહાર આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં બંગાળમાં ૧૧૭ લોકોના મૃત્યુ થઈ ગયા છે.

બંગાળમાં દરરોજ હજારોની સંખ્યામાં નવા કેસ બહાર આવી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પ્રતિબંધાત્મક આદેશો લગાવી દીધા છે પરંતુ રાજ્યમાં કોરોના ફેલાવવાની પાછળ માત્ર અને માત્ર રાજકીય પક્ષો જવાબદાર રહ્યા છે.

હિમાચલ પ્રદેશમાં પણ દરરોજ ભારે પતિ સાથે નવા કેસ બહાર આવી રહ્યા છે અને આજથી સમગ્ર રાજ્યમાં કોરોના કર્ફ્યુનો અમલ શરૂ થઇ ગયો છે અને માસ્ક નહિ પહેરવા બદલ મોટી રકમ ના દંડ કરવામાં આવી રહ્યા છે.

## સુપ્રિમ કોર્ટની ચેતવણી અમને આકરા નિર્ણયો લેવા પર મજબૂર ન કરો...

ન્યુ દિલ્હી,તા.૭

દિલ્હીને ઓક્સિજન સપ્લાઈને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ચેતવણી આપતા કહ્યું કે, અમને આકરા નિર્ણય લેવા માટે મજબૂર ન કરો. દિલ્હીને દરરોજ ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજનને લઈને સુપ્રીમ કોર્ટે આ વાત કહી છે. દિલ્હી સરકાર તરફથી કોર્ટમાં કહેવામાં આવ્યું કે, તેમના આદેશ બાદ પણ દરરોજ ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજનની સપ્લાઈ કરવામાં આવી રહી નથી. સર્વોચ્ચ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો કે, તેણે દિલ્હીને ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજનની સપ્લાઈ નક્કી કરવી પડશે. કોર્ટે કહ્યું કે, તેમણે આ સપ્લાઈ ત્યાં સુધી ચાલું રાખવી પડશે, જ્યાં સુધી આદેશની સમીક્ષા કરવામાં ન આવે કે કોઈ ફેરફાર ન કરવામાં આવે.

શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં દિલ્હી સરકારના વકીલ રાહુલ મેહરાએ કહ્યું કે ગઈકાલે (ગુરુવારે) દિલ્હીને ફક્ત ૫૨૭ મેટ્રિક ટન ઓક્સિજન મળ્યો છે. આ અંગે ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડે કહ્યુ કે ગત દિવસે કેન્દ્રને સોગંદનામું આપવામાં આવ્યું છે કે ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજન પૂરા પાડવામાં આવ્યો છે, અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે દિલ્હીને માત્ર એક દિવસ નહીં પણ ૭૦૦ એમટી ઓક્સિજન મળવું જોઈએ. સમિતિનો અહેવાલ આવશે ત્યારે જોઈશું. કોર્ટમાં કેન્દ્ર સરકારનો પક્ષ રાખી રહેલા સોલિસિટર જનરલ તુષાર મેહતાને બેંચે કહ્યુ, અમને કોઈ કડક નિર્ણય લેવા પર મજબૂર ન કરો. આદેશ છે કે દરરોજ ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજનની સપ્લાઈ નક્કી કરે. આ પહેલા ગુરૂવારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું હતુ કે, દિલ્હીમાં કોરોના દર્દીઓની જરૂરીયાતો પૂરી કરવા માટે દરરોજ ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજન આપવો જોઈએ. કોર્ટે કહ્યું, જો કંઈ છુપાવવા માટે નથી તો પછી સરકાર આગળ આવી દેશને તે જણાવે કે કઈ રીતે કેન્દ્ર સરકાર તરફથી ઓક્સિજનની ફાળવણી કરવામાં આવી રહી છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર પાસે દરરોજ રાજધાની માટે ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજન સપ્લાઈની માંગ કરી છે. તેમનું કહેવું છે કે દિલ્હીને દરરોજ ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજન મળે છે તો તે નક્કી કરશે કે પ્રદેશમાં કોઈ દર્દીનું મોત ઓક્સિજનની કમીને કારણે ન થાય. અરવિંદ કેજરીવાલે ગુરૂવારે કહ્યુ, જો અમને ઓક્સિજન પૂરતો મળે છો તો પછી અમે દિલ્હીમાં ૯ હજારથી ૯૫૦૦ બેડની વ્યવસ્થઆ કરી શકશુ. અમે ઓક્સિજન બેડ તૈયાર કરી શકીશું. હું તમને લોકોને વિશ્વાસ અપાવુ છું કે ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજનની સપ્લાઈ થવા પર દિલ્હીમાં ઓક્સિજનની કમીથી કોઈ દર્દીના મોત થશે નહીં.

## રાહુલ ગાંધીએ ફરી એક વખત કોરોના સંકટ મુદ્દે મોદીને લખ્યો પત્ર

ન્યુ દિલ્હી,તા.૭,

કોરોના સંકટ વચ્ચે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ફરી એક વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિનંતી કરી હતી કે, સંકટના આ સમયમાં ભારતના લોકો જ સૌથી મોટી પ્રાથમિકતા હોવા જોઈએ.

રાહુલ ગાંધીએ પત્રામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિનંતી કરી હતી કે, દેશના વિભિન્ન ક્ષેત્રમાં ફેલાયેલા વાયરસનું ટ્રેકિંગ થાય અને જીનોમ સિક્વન્સિંગ કરવામાં આવે. સાથે જ કોરોનાના દરેક મ્યુટેન્ટ વિરૂદ્ધ કામ કરતી વેક્સિન પર કામ કરવામાં આવે. દેશની સંપૂર્ણ જનસંખ્યાનું વેક્સિનેશન કરવામાં આવે.

રાહુલ ગાંધીએ લખ્યું હતું કે, તમારી સરકાર દ્વારા બનાવવામાં આવેલી વેક્સિનેશનની ખોટી નીતિ, સમય પહેલા વિજયની ઉજવણી કરવાના પ્રયત્નએ દેશને મુશ્કેલીમાં મુકી દીધો છે. ભારત સરકારની નિષ્ફળતાએ દેશને વધુ એક સંપૂર્ણ લોકડાઉનના કિનારે લાવીને મુકી દીધો છે.

રાહુલ ગાંધીએ સરકાર જરૂરી લોકોને ભોજન અને આર્થિક મદદ કરે તેવી માંગણી પણ કરી હતી. સાથે જ ટ્રાન્સપોર્ટની રણનીતિ પર કામ કરવા જણાવ્યું હતું. તેમણે લખ્યું હતું કે, મુશ્કેલીના આ સમયમાં તમામ સ્ટેકહોલ્ડર્સને સાથે લઈને કામ કરવું જોઈએ, મને ખબર છે કે તમે લોકડાઉનની આર્થિક અસરથી વધારે ચિંતિત છો. પરંતુ સંકટના આ સમયમાં હું મારા તરફથી સંપૂર્ણ સમર્થન આપવાનો વિશ્વાસ વ્યક્ત કરૂ છું.

રાહુલ ગાંધીએ શુક્રવારે આ પત્ર લખવા ઉપરાંત ટ્વીટર દ્વારા પણ ભારત સરકારને ટાર્ગેટ કરી હતી. તેમણે કેન્દ્રના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટને સંપૂર્ણપણે વેસ્ટેજ ગણાવ્યો હતો. તેમણે લખ્યું હતું કે, આ સમયે લોકોની જિંદગી કેન્દ્રમાં રાખવી જોઈએ, નવા ઘર કે પોતાના ઈગોને નહીં. રાહુલ ગાંધીએ થોડા દિવસ પહેલા જ સંપૂર્ણ લોકડાઉનની માંગણી કરી હતી.

## દેશમાં વેક્સિનેશન વધારવા ખાનગી કંપનીઓને વેક્સિન બનાવવાની મંજુરી આપશે સરકાર

ન્યુ દિલ્હી,તા.૭

વેક્સિનેશનની ઝડપ વધારવા માટે સરકાર એક નવી યોજના પર વિચાર કરી રહી છે, જે અંતર્ગત સ્વદેશી રસી કોવેક્સિનના નિર્માણની અનુમતિ કેટલીક વધારે સરકારી તથા ખાનગી કંપનીઓને આપવામાં આવી શકે છે. સૂત્રોનું માનીએ તો ઉચ્ચ સ્તર પર એ વાત પર મંથન ચાલી રહ્યું છે અને રસીકરણ બનેલા વૈજ્ઞાનિકોના સમૂહનું મંતવ્ય આના પક્ષમાં છે. જો બધુ બરાબર રહ્યું તો જલદી આની જાહેકાત થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે ઑક્સિજનની સાથે સાથે દેશમાં વેક્સિનની પણ તંગી છે.

એક રિપોર્ટ પ્રમાણે કેન્દ્ર સરકારને વર્તમાન પેટન્ટ કાયદા અંતર્ગત એ અધિકાર છે કે તે ઈમરજન્સી જન સ્વાસ્થ્યની પરિસ્થિતિઓમાં કોઈ દવા અથવા રસીના નિર્માણની અનુમતિ બીજી કંપનીઓને આપી શકે છે, જેથી તેની ઉપલબ્ધતાને વધારી શકાય. આના આધાર પર સરકાર કેટલીક અન્ય કંપનીઓને વેક્સિન બનાવવાની અનુમતિ આપી શકે છે. સૂત્રોનું કહેવું છે કે સરકાર રસીકરણ અભિયાનને તેજ કરવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. આવામાં સરકારની પાસે સ્વદેશી રસીનું તાત્કાલિક ઉત્પાદન વધારવું જ એકમાત્ર વિકલ્પ થઈ શકે છે.

આ માટે સરકાર કેટલીક વધુ સરકારી અને ખાનગી કંપનીઓને અનિવાર્ય લાયસન્સ જાહેર કરીને રસી બનાવવાની અનુમતિ આપી શકે છે. ઉલ્લેખનીય છે કે ૧૮+ વાળાઓના રસીકરણ અભિયાન બાદ વેક્સિનની ડિમાન્ડ ઘણી વધારે થઈ શકે છે, પરંતુ તેના અનુરુપ સપ્લાય નથી થઈ રહ્યો. સરકારે સીરમ ઈન્સ્ટિટ્યુટને કોવિશીલ્ડની ૧૧ કરોડ અને ભારત બાયોટેકને કોવેક્સિનના ૫ કરોડ ડોઝ માટે ઑર્ડર આપી રાખ્યા છે, જે મે, જૂન અને જુલાઈમાં પુરી પાડવામાં આવશે. જો કે આ પુરવઠો સમયસર પુરો પાડવામાં આવે છે તો પણ આનાથી ત્રણ મહિના સુધી વર્તમાન ઝડપથી રસીકરણ ચાલું રાખવું સંભવ નહીં થાય, જ્યારે સરકાર રસીકરણ ઝડપી કરવા ઈચ્છે છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૧૨૦૬૪
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૬૫૮૦૩૬
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૧૧૯
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૧૩૦૮૫
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૫૦૩૪૯૭

## સરકારના દાવા નિષ્ફળ, ટેસ્ટિંગમાં ઘટાડો, કોરોનાના કેસમાં નહીં



ન્યુ દિલ્હી,તા.૭

વાત શરૂ કરીએ સરકારની તે જાહેરાતથી, ત્યારબાદ આ સ્ટોરી લખવાનો પ્લાન બન્યો. સોમવારે સરકારે જાહેરાત કરી હતી કે દેશના ૧૩ રાજ્યોમાં કેસ ઘટવા માંડ્યા છે. પરંતુ ગુરુવારે જ ફક્ત કોરોનાના રેકોર્ડ કેસ સામે આવ્યા છે. આ કેવી આંકડાની માયાજાળ છે? છેવટે, રાજ્યોમાં અચાનક કેસ કેવી રીતે કેસ ઘટવા લાગ્યા? આ પ્રશ્નોના જવાબ આપણી વચ્ચે કોરોનાના ટેસ્ટિંગમાં છુપાયેલ છે. માત્ર એક ઉદાહરણ આને સ્પષ્ટ કરે છે. ગયા અઠવાડિયે, શનિવારે ૧૯.૫ લાખ ટેસ્ટ થયા હતા. જ્યારે, તે સોમવારે ઘટીને ૧૫ લાખ થઈ ગયા. જો હવે ટેસ્ટિંગમાં જ ઘટાડો હોય તો કોરોનાના કેસમાં પણ ઘટાડો જ.

સરકારે જે ૧૩રાજ્યોમાં કોરોના કેસ ઘટાડવાનો દાવો કર્યો છે તેમાં છત્તીસગઢ, દિલ્હી, દમણ અને દીવ, ગુજરાત, ઝારખંડ, લદ્દાખ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ છે. નવા આંકડાથી તે પણ સ્પષ્ટ થઈ ગયું છે કે આ રાજ્યોમાં પણ કોવિડ ઈન્ફેક્શનના કેસો ઓછા થયા નથી અને ઘણા રાજ્યોમાં તેમાં ફરીથી વધારો શરૂ થયો છે. આવી સ્થિતિમાં સવાલ એ ઉભો થાય છે કે સરકારને કેસમાં ઘટાડો થયાનું કેમ લાગ્યું? આવું એટલા માટે બન્યું કારણ કે સરકારે માત્ર સંક્રમણના ઘટતા નવા કેસો પર જ નજર રાખી, તેની સામે ટેસ્ટિંગમાં ઘટાડા પર નજર ન નાંખી. સરકાર દ્વારા દાવો કરવામાં આવેલા ૧૩ રાજ્યોમાંથી, ઉત્તર પ્રદેશ સિવાય મોટાભાગના રાજ્યોમાં કોરોનાના ટેસ્ટિંગમાં ઘટાડો થયો છે.

૨૮ એપ્રિલે દિલ્હીમાં ૮૧ હજાર ટેસ્ટ થયા હતા, જે ૩ મેના રોજ ઘટીને ૬૧ હજાર થઈ ગાયા હતા. આ સાથે ૨૮ એપ્રિલે ત્યાં આવેલા ૨૬ હજાર જેટલા કેસ પણ ૩ મેના રોજ ઘટીને ૧૮ હજાર થઈ ગયા હતા. આ બાબતો ૫ મેના રોજ, તે વધીને ફરીથી ૨૧ દરરોજ સુધી પહોંચી ગયા છે.

જે રાજ્યોમાં ટેસ્ટિંગમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે તેમાં ગુજરાત, છત્તીસગઢ, પંજાબ અને તેલંગાણા છે. અહીં ટેસ્ટિંગ મુજબ કેસોમાં પણ ઘટાડો થયો હતો. આ જ કારણ છે કે જ્યારે ગુરુવાર સુધી આ રાજ્યોમાં ફરીથી ટેસ્ટિંગ વધ્યું, ત્યારે કેસ પણ વધ્યા.એ જ રીતે કેરળ અને મહારાષ્ટ્રમાં પણ સોમવારની તુલનામાં મંગળવાર અને બુધવારે કોવિડની ટેસ્ટમાં વેગ મળ્યો. આ સાથે અહીં ફરી એકવાર કેસ વધવા લાગ્યા. સોમવારે કેરળમાં ૨૬ હજાર કોવિડ સંક્રમણના કેસ આવ્યા હતા, જે બુધવારે વધીને આશરે ૪૨ હજાર જેટલા થયા. બીજી તરફ, ગુરુવારે મહારાષ્ટ્રમાં ૫૭ હજારથી વધુ સંક્રમણના કેસ આવ્યા છે, જે સોમવારે ૪૮ હજાર હતા.

## કોરોનાની વેક્સિનની પેટન્ટના મુદ્દે દુનિયા ૨ ભાગમાં વહેંચાઈ

ન્યુ દિલ્હી,તા.૭

ગત વર્ષે ભારત અને દક્ષિણ આફ્રિકાએ વિશ્વ વ્યાપાર સંગઠનમાં કોવિડ વેક્સિનની પેટન્ટ પર છૂટના સંબંધમાં એક પ્રસ્તાવ રાખ્યો હતો. ઉદ્દેશ હતો કે વેક્સિન અને કોવિડથી જોડાયેલી દવાઓના ઉત્પાદનને ઝડપથી તેજ કરવામાં આવે અને વિકાસશીલ તથા પછાત દેશોને પણ તેમનો અધિકાર આપવામાં આવે. મહિનાઓ સુધી આ પ્રસ્તાવનો વિકસિત દેશો વિરોધ કરી રહ્યા છે. હવે જઈને અમેરિકાએ આ વિશે વાતચીતમાં હા ભરી છે. ગુરૂવારના યૂરોપિયન યૂનિયન અને ન્યૂઝીલેન્ડે કહ્યું કે, તેઓ પણ વાતચીતના પક્ષમાં છે.

પેટન્ટ હકીકતમાં એક અત્યંત શક્તિશાળી ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ છે. આના દ્વારા શોધક (વ્યક્તિ અથવા સંસ્થા)ને પોતાની શોધ પર એક્સક્લૂઝિવ હક મળે છે. આ હક તેને સરકાર આપે છે જે એક સીમિત, પહેલાથી નક્કી સમય માટે હોય છે. પેટન્ટ મળ્યા બાદ પરવાનગી વગર તે શોધની નકલ ના કરી શકે. જો આવું કરવામાં આવે છે તો શોધક દાવો ઠોકી શકે છે. પેટન્ટ હોલ્ડર ઉપરાંત કોઈ બીજું એ ઉત્પાદનને તૈયાર ના કરી શકે.

ભારત અને દક્ષિણ આફ્રિકાના પ્રસ્તાવ છે કે ટ્રેડ રિલેટેડ ઑસ્પેક્ટ્સ ઑફ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ (TRIPS) એગ્રીમેન્ટની ચાર કલમો અંતર્ગત છૂટ આપવામાં આવે. આમાં પેટન્ટ ઉપરાંત કૉપીરાઈટ અને તેનાથી જોડાયેલા અધિકાર, ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈન્સ, અપ્રકાશિત સૂચનાની રક્ષા જેવા મુદ્દા સામેલ છે. સલાહ હતી કે આ છૂટની મર્યાદા નક્કી કરવામાં આવે.

## તંત્રી સ્થાનેથી...

# હજ્જારો લોકોએ પોતાનાને કોરોનામાં ગુમાવ્યા છે તેનું દુઃખ કોણ સમજશે.....?

*દેશમાં કોરોનાનો અજગરી ભરડો વધતો ચાલ્યો છે. વિશ્વમાં ભારત કોરોના સંક્રમિતોમા પ્રથમ ક્રમે પહોંચી ગયું છે. દેશમાં રેમડેસિવીર, ઓક્સિજન, હોસ્પિટલોમાં બેડ સહિતની અછતે આમ પ્રજાને વિચલીત કરવા સાથે આક્રોશમાં લાવી દીધી છે.... આમ પ્રજામાં છાણાં નીચે ધરબાયેલી આગને સત્તાધીશો સમજી નથી શક્યા કે સમજની બહાર છે કે પછી આખ આડા કાન કરી રહ્યા છે.....! તે આમ પ્રજાની સમજની બહાર છે... બંગાળમાં ચૂંટણી પરિણામો આવતા જ થયેલી હિંસામાં ભાજપના છ જેટલા કાર્યકરો ના મોત થયા અને કેન્દ્ર સરકાર બંગાળના તંત્ર વાહકો ઉપર તૂટી પડી... ત્યારબાદ ભાજપ દ્વારા ધરણા યોજાયા બીજી બાજુ કોરોના સારવાર બાબતે રજૂઆત કરવા જાય તેને અટકાવવામાં આવે છે કે અટકાયત કરવામાં આવે છે... આને કેવું સાસન કહેવાય....? એક વાત સ્પષ્ટ અને દુઃખદ છે કે બંગાળ હિસામા ભાજપના કાર્યકરોના મૃત્યુ થયા તેને માટે દુઃખ થાય તેને માટે જે પણ ગુનેગાર હોય કે હિંસા આચરનારા હોય તેઓની સામે આકરામાં આકરા પગલાં લેવા જોઈએ તેમાં બે મત નથી. પરંતુ દેશમાં કોરોનાને કારણે હજારો લોકોના મોત થયા છે તેનું દુઃખ હોવું જોઈએ... માત્ર કાર્યકરોના મોતનું દુઃખ અને તેને રાજકી રૂપ આપી ધરણા યોજવા કેટલા અંશે યોગ્ય છે....? તેવી સવાલી ચર્ચાઓ આમ પ્રજામાં ઉઠવા પામી છે.. આમ પ્રજાને કોરોના નિયમો પાળવા સલાહો અપાતી રહી છે તો કોરોના નિયમ ભંગ કરનારાઓ પાસેથી દંડ વસૂલાત કરી છે. જ્યારે કે ધરણા યોજવામાં કોરોના નિયમોના ધજીયા ઊડી રહ્યા છે આને શું કહીશું.....?!*

*બેશરમીની હદ તો ત્યારે થઇ છે કે દેશના ૧૩ જેટલા રાજ્યોમાં કોરોનાએ વરવુ રૂપ ધારણ કર્યું છે અને હવે તેમાં નવા કોરોનાએ પોતાનું જડબું પાડ્યું છે અને વધુ રાજ્યમાં ફેલાવા લાગ્યો છે જ્યારે કે કોરોના મહામારીને પહોંચી વળવા માટે સરકાર કે તેનું હેલ્થ તંત્ર મોટાભાગે નિષ્ફળ ગયું છે ત્યારે.... હોસ્પિટલોમાં બેડની અછતને કારણે દર્દીઓને લઈને આવતી એમ્બ્યુલન્સોની લાઈનો લાગે છે, તો ઓક્સિજનની અછતને કારણે અનેકો મોતના ખપ્પરમાં હોમાઈ ગયા છે, રેમડેસિવીરની અછતે અનેકોની હાલત કફોડી કરી નાખી છે...આવી લોકો સમસ્યા રાજ નેતાઓને નથી દેખાતી...!? માત્ર કાર્યકરોની હત્યા દેખાય છે અને ધરણા યોજી દેખાવો કરી કોરોનાનો પ્રજા આક્રોશને ભુલાવવાનો બાલીશ પ્રયાસ કરે છે....આ કેવું કહેવાય....? બંગાળની ચૂટણી હારવાથી, ઉત્તર પ્રદેશમા સ્થાનિક ચૂંટણીમાં ભારે ફટકો પડવાથી ભાજપ ધુરંધરો આને રાજનેતાઓ ઘાંઘા થઈ ગયા છે કે શું....? કમસેકમ માનવીય અભિગમ,લોકશાહી પ્રણાલી પરંપરાનું પાલન કરવુ તે આજના સમયની તાતી જરૂર છે... બાકી લોકો તો હવે ભાજપને સારી રીતે ઓળખી ગયા છે....!!! આવી અનેક પ્રકારની સવાલી ચર્ચાઓ આમ પ્રજામાં ઉઠવા પામી છે અને હવે લોકો ખુલ્લેઆમ આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે... કારણ કે હજારો લોકોએ પોતાના સ્વજન કે નજીકના સગા સંબંધી કે મિત્રોને કોરોનાના ખપ્પરમાં હોમાયાનુ દુઃખ છે.... પરંતુ આ પ્રજાના દુઃખની વાત રાજનેતાઓ સમજે તો વધુ સારું....!! તે સાથે lockdown માટે લોકોની માંગ, સુપ્રીમ કોર્ટ તથાહાઈ કોર્ટના દીશા-નિર્દેશ, વિપક્ષોની માંગ સ્વીકારવી જરૂરી છે અને એ પણ અર્થતંત્રને ભૂલીને.....!? નહીં તો વિવિધ દેશ -વિદેશના નિષ્ણાતોએ આપેલી કોરોના મહામારી ની ભયાનકતાની ચેતવણી ભારતને ક્યાં ધકેલી દેશે તેની તો કલ્પનાજ કરવી રહી....!?! વંદે માતરમ્,*

## ૮ મી મે વિશ્વ થેલેસેમીયા દિન. થેલેસેમીયા-સમગ્ર સમાજ માટે પડકાર.

# લગ્ન કરતા પેલા નવયુગલે પોતાનો થેલેસેમીયા ટેસ્ટ કરાવવો જરૂરી,સીંધી, લોહાણા, ખોજા,ભાનુશાળી જ્ઞાતિમાં થેલેસેમીયાનું પ્રમાણ વધુ

રાજકોટ, જામનગર, ભાવનગર કે જુનાગઢ સહિતાનાં શહેરની સરકારી હોસ્પીટલના થેલેસેમીયા વોર્ડમાં સવારથી સાંજ સુધીમાં ગમે ત્યારે જવાનું થાય તો તમને બે મહિનાના બાળકથી લઈને ૨૦ વર્ષ સુધીનાં યુવાનના શરીરમાં કીટ વડે લોહી સરકતુ દેખાય. આ દશ્ય હૃદયને હચમચાવી દે તેવું હોય છે. કમળા છોડ જેવા નિર્દોષ બાળકોએ એવો તે કયો ગનો કર્યો હશે કે આવી સજા વેઠવી પડે ? આ બાળકો લોહીના વારસાગત રોગ થેલેસેમિયાનો ભોગ બનેલા છે અને ભારત સહિત દનિયાના દરેક દેશોમાં થેલેસેમિયા રોગે સમગ્ર માનવ સમાજ માટે ગંભીર પડકાર કરેલ છે. થેલેસેમીયા એ લોહીનો વારસાગત રોગ છે. થેલેસેમીયાના મુખ્ય પ્રકાર છે. (૧) થેલેસેમીયા માઈનોર (૨) થેલેસેમીયા મેજર. ભારતમાં દર ૫૦ વ્યકિતએ એક થેલેસેમીયા માઈનોર છે. પતિ અને પત્ની બંનેને ×થેલેસેમીયા માઈનોર× હોય ત્યારે જ તેમના બાળકો ×થેલેસેમીયા મેજર× જન્મે છે, અન્યથા નહીં સ્ત્રી અને પુરુષ બેમાંથી એક થેલેસેમીયા માઈનોર હોય અને બીજું નોર્મલ હોય ત્યારે તેમના બાળકો થેલેસેમીયા મેજર જન્મવાની કોઈ જ શકયતા નથી. સપરસ્ટાર અમિતાભ બચ્ચનને થેલેસેમીયા માઈનોર છે. પણ શ્રીમતી જયા બચ્ચન નોર્મલ હોય તેમના બાળક અભિષેક કે શ્વેતા બેમાંથી કોઈ થેલેસેમીયા મેજર જન્મેલ નથી. થેલેસેમીયા માઈનોર સંપૂર્ણ તંદુરસ્ત વ્યકિત હોય છે અને સંપૂર્ણ પણે નિરોગી જીવન જીવી શકે છે. થેલેસેમીયા કોઈ પ્રકારનો ચેપી રોગ નથી કે થેલેસેમીયા માઈનોર કોઈ દિવસ થેલેસેમીયા મેજરમાં ફેરવાતો નથી, આમ તેનાથી ગભરાવવાની, શરમાવવાની કે છૂપાવવાની કોઈ જરૂર નથી પણ લગ્ન પહેલા ગ્રહો જોવડાવવાની સાથે તમામ યુવક-યુવતીઓએ અવશ્ય થેલેસેમીયા ટેસ્ટ કરાવવો જ જોઈએ. જેથી ભવિષ્યમાં પોતાના સંતાનો થેલેસેમીયા મેજરવાળા જન્મે નહિં અને જીવતર ઝેર બનતાં અટકે. વિશ્વના ૬૦ દેશોમાં આ ભયાનક આનવંશીક રોગ જોવા મળે છે. ભારતમાં અને આપણા ગુજરાતમાં થેલેસેમીયાના ઘણા દર્દીઓ છે અને હજી પણ માતા પિતાની બેદરકારી, અજ્ઞાનતા અને જાગૃતિના અભાવને લીધે નવા શૈલેસેમીક બાળકો જન્મતા રહે છે. થેલેસેમીયા રોગ તમામ ધર્મ અને જ્ઞાતિમાં જોવા મળે છે, પરંતુ આપણે ત્યાં લોહાણા, સીંધી, ખોજા, ભાનશાળી, બ્રાહમણ, વણકર, મુસ્લિમ વગેરે જ્ઞાતિમાં વિશેષ જોવા મળે છે. સૌથી વધુ પ્રમાણ લોહાણા જ્ઞાતિમાં છે, થેલેસેમીયા મેજર બાળક જન્મે ત્યારે એકદમ સ્વસ્થ અને નોર્મલ બાળક જેવું હોય છે. પણ એકાદ—બે માસ પછી માતા ગર્ભમાંથી જે લોહી મળ્યું હોય તે લોહીનો પુરવઠો ખલાસ થઈ જતાં બાળક ફીક અને સાવ નબળું પડવા લાગે છે, ચીડીયા સ્વભાવનું બની જાય છે, ખોરાક ઘટી જાય છે અને વિકાસ અટકી જાય થેલેસેમિયાનો ભોગ બનેલ બાળકને મહિનામાં બે વાર નિયમિત લોહી ચડાવવાનું પડે છે, અઠવાડિયાના પાંચ દિવસ અતિ ખા અને મોંઘા ડેસ્ફરલ ઈંજેકશન લેવા પડે છે અને એક મહિનાનો આશરે ચારેક હજાર ખર્ચ આવે છે અને આ બધું કરવા છતાં બાળકનું આયુષ્ય મર્યાદિત જ હોય છે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર – કચ્છમાં થેલેસેમીયાના અંદાજે ૩ હજાર જેટલા બાળકો છે. થેલેસેમિયા રોગની સારવાર અતિ ખર્ચાળ છે સમગ્ર પરિવાર આર્થિક, માનસિક અને સામાજીક રીતે ભાંગી જાય છે, માતા-પિતાની હાલત દયનીય હોય છે. પોતાને જાણ હોય છે કે પોતાનું બાળક લાંબુ જીવવાનો નથી છતાં મન મજબૂત રાખીને પોતાના લાડલા કે લાડલીની સેવા-સારવાર કરે છે. કુદરતે જેમને અન્યાય કર્યો છે તેવા પોતાના ગામ કે શહેરમાં રહેતા ગરીબ અને જરૂરતમંદ બાળકોને દતક લેવા માટે માનવતા જેના લોહીમાં વહે છે તેવા સમાજના સુખી નાગરીકો તેમજ સેવાકીય સંસ્થાઓએ આગળ આવવું જોઈએ.કેન્સર અને એઈડસ જેવા જ ભયંકર રોગ થેલેસેમીયાના રોગને અટકાવવા કે નાબૂદ કરવાની કોઈ દવા નથી પરંતુ લગ્ન પહેલા દરેક યુવાન-ભાઈઓ તેમજ બહેનોએ શ્રેલેસેમીયા ટેસ્ટ અવશ્ય કરાવવો તે તેનું નિવારણ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પોતાના છાત્રો માટે કોલેજમાં એડમીશન વેળાએ થેલેસેમીયા ટેસ્ટ ફરજીયાત કરેલ છે તે જ રીતે ઈટાલીમાં તો લગ્ન કરતા પહેલાં પાદરીને અમને થેલેસેમીયા નથી અથવા છે' એવું પ્રમાણપત્ર બતાવવું પડે છે. દર વર્ષે સમગ્ર દેશમાં અને દુનિયામાં ૮ મી મે 'થેલેસેમીયા ડે' તરીકે ઉજવાય છે પરંતુ માતા-પિતાની અજ્ઞાનતા અને જાગૃતિના અભાવને લીધે દર વર્ષે ભારતમાં થેલેસેમીયાના ૭ હજારથી વધુ અને વિશ્વમાં એક લાખથી વધારે નવા બાળકો જન્મે છે જે શરમજનક છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ તમામ કોલેજના છાત્રો માટે કોલેજમાં એડમીશન મેળવતા પહેલા થેલેસેમીયા ટેસ્ટ ફરજીયાત કરેલ છે તે જ રીતે રાજયની તમામ યુનિવર્સિટીઓએ આ દિશામાં પહેલ કરવી જોઈએ. રાજકોટમાં લોહાણા સમાજ અને જૈન સમાજે પોતાની જ્ઞાતિના તમામ જરૂરતમંદ બાળકોને દતક લઈ અન્ય જ્ઞાતિઓને રાહ ચીંધ્યો છે ત્યારે અન્ય જ્ઞાતિઓના આગેવાનોએ પણ આગળ આવી પોતાની જ્ઞાતિના થેલેસેમીક બાળકોને સહાયરૂપ થવા અપીલ છે. કેન્દ્ર કે રાજય સરકાર જે રીતે કુટુંબ કલ્યાણ, વૃક્ષારોપણ, સાક્ષરતા, નાની બચત, પોલીયો નાબુદી વિગેરે અંગે અભિયાન ચલાવે છે તે જ રીતે થેલેસેમીયા અવેરનેસ માટે પ્રક્રિયા પ્રયાસો હાથ ધરવા જોઈએ. થેલેસેમીયા દૈત્યને ડામવા અને વધુ પરિવારોને બરબાદ થતાં અટકાવવા માટે વ્યાપક ઝુંબેશ ચલાવી સૌએ સહીયારો પુરૂષાર્થ કરવાની જરૂર છે. દરેક યુવાન ભાઈઓ-બહેનો પહેલા થેલેસેમીયા ટેસ્ટ પછી જ સગાઈ કે લગ્ન કરીશું એવો દઢ સંકલ્પ કરે, દરેક જ્ઞાતિઓ પોતાના જ્ઞાતિજનો માટે ×થેલેસેમીયા પરીક્ષણ કેમ્પ' યોર્જ, રાજય સરકાર પણ થેલેસેમીયા ટેસ્ટ તમામ માટે ફરજીયાત બનાવે. થેલેસેમીક બાળક અને તેની સાથે જનાર કોઈપણ એકને બ્લડ ટ્રાન્સફયુઝનાં જવા-આવવા મહિનામાં બે દિવસ એસ.ટી. બસમાં ફ્રી બસ પાસ કાઢી આપે, દરેક ગામનગર શહેરમાં થેલેસેમીયા જનજાગૃતિ માટે ઝુંબેશ શરૂ કરે તે સમયની માંગ છે. સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ શહેરમાં સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ પ્રેરિત થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન સમિતિના માનવતા જેના લોહીમાં વહે છે તેવા સેવાના રંગે રંગાયેલા કાર્યકર્તાઓ સૌને સાથે રાખીને રાજકોટ શહેર થેલેસેમીયા મુકત બને તે માટે જનજાગૃતિના અવિરત કાર્યક્રમો યોજે છે જેમાં પત્રિકાઓનું વિતરણ, વાહનો પર સ્ટીકરો લગાડવા, જાહેર સ્થળો તેમજ જ્ઞાતિની વાડીઓમાં થેલેસેમીયાને લગતા બેનરો લગાડવા, શાળા-કોલેજોમાં વાર્તાલાપસેમીનાર, વિવિધ જ્ઞાતિઓના આગેવાનોનો સંપર્ક અઠવાડીયામાં એકવાર શહેરના કોઈ એક મુખ્ય સર્કલ કે ચાર રસ્તામાં જનજાગૃતિ કાર્યક્રમ માનવ સાંકળ શહેરની બજારોમાં પદયાત્રા, વોક ફોર થેલેસેમીયા કાર્યક્રમ, શહેરની મુલાકાતે આવતા સેલીબ્રીટીઓની મુલાકાત લઈને થેલેસેમીયાનો સંદેશ તેઓના માધ્યમથી સમાજ સુધી પહોંચે તેવા પ્રયાસો એ જ રીતે થેલેસેમીયા પીડિત બાળકો અને પરિવારજનો માટે આનંદોત્સવ, રમત-ગમત, પ્રવાસ પર્યટન, પીકચર, સર્કસ, જાનાશો, છાત્ર સત્કાર સમારંભ, ૫૦૦ થી વધુ થેલેસેમીયા પીડિત બાળકોને દાતાઓના સહકારથી સાઈકલ વિતરણ, રક્ત સરળતાથી મળી રહી તે માટે રક્તદાન શિબિરો, નોટબુક વિતરણ સહિતની અનેકવિધ પ્રવૃતિઓ અવિરત યોજવામાં આવે છે. સમાજમાં હજી આ ગંભીર અને ભયાનક રોગ અંગે જે ગંભીરતા હોવી જોઈએ તે જોવા મળતી નથી ત્યારે સૌ કોઈએ આગળ આવવુ પડશે નહીંતર આવનારી ભાવિ પેઢી આપણને માફ નહીં કરે. થેલેસેમીયા રોગને સમાજમાં ફેલાતો અટકાવવા માટે સગાઈ કે લગ્ન પહેલા થેલેસેમીયા ટેસ્ટ ફરજીયાત કરવામાં આવે,સ્ત્રીરોગ નિષ્ણાંત તબીબોએ પોતાની પાસે આવતા તમામ સગર્ભા બહેનોને થેલેસેમીયા ટેસ્ટ કરાવવા માટે સલાહ આપે, સરકાર દ્વારા દર વર્ષે થેલેસેમીયા જનજાગૃતિ સપ્તાહ યોજવામાં આવે, સમાજના લોકો પર જેમની બહુ મોટી અસર હોય



છે તેવા સાધુ સંતો, શ્રેષ્ઠીઓ, સેલીબ્રીટીઓએ આ અંગે પહેલ કરવી જોઈએ, નેશનલ હેલ્થ મીશન દ્વારા દરેક રાજયને થેલેસેમીયા માટે ભંડોળ આપવામાં આવે છે તેનો પૂરતો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે થેલેસેમીયા મેજરના દર્દીઓને ૨૦૧૬ થી દિવ્યાંગની કેટેગરીમાં સમાવવામાં આવેલ છે પરંતુ આ માટેના પ્રમાણપત્ર કાઢી આપવામાં તકલીફ પડે છે જેથી બાળકોને કોઈપણ પ્રકારનો લાભ મેળવવાથી વંચિત રહે છે રાજય સરકાર રાજયની તમામ સિવિલ હોસ્પીટલોને સૂચના આપીને વહેલી તકે દિવ્યાંગ પ્રમાણપત્ર કાઢવાની વ્યવસ્થા સત્વરે કરે. રાજકોટના પનોતા પુત્ર અને રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સતાના સુત્રો સંભાળતાની સાથે જ અંગત રસ લઈને થેલેસેમીયા પીડિત બાળકો માટે અતિ ખર્ચાળ મોંઘી દવાઓ અને જંકશન ફી,આપવાનો તેમજ રાજયની તમામ બ્લડ બેંકમાંથી કોઈપણ જાતના રીપ્લેસમેન્ટ વગર થેલેસેમીક બાળકોને વિનામુલ્યે લોહી આપવાનો માનવતાવાદી નિર્ણય લીધેલ પરંતુ તેનો અમલ કરનારા આરોગ્ય વિભાગ અને સિવિલ હોસ્પીટલના સતાવાળાઓની નીંભરતા, લાપરવાહી અને બેદરકારીને લીધે કયારેય નિયમિત રીતે દવા કે ઈંજેકશન કોઈ જગ્યાએ મળતા નથી તે જ રીતે હજી પણ ઘણી બધી રાજયની બ્લડ બેંકો થેલેસેમીક બાળકોને લોહી આપવામાં હેરાનપરેશાન કરે છે તેથી આ બાબતે લાગતાવળગતા સતાવાળાઓ અંગત રસ લઈ સત્વરે યોગ્ય કાર્યવાહી હાથ ધરે તે જરૂરી છે. થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન સમિતિની તમામ પ્રવૃતિઓમાં હરહંમેશ જૈમનો સાથ સહકાર પ્રેમ મળે છે તેવા શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ મુકેશભાઈ દોશી, ડો. રમેશભાઈ ભાયાણી, ડો. મનોરમાબેન મહેતા, ડી.વી.મહેતા, ડો. દિપકભાઈ પટેલ, ચંદુકાંતભાઈ કોટીચા, ડો. દેત્રોજા, સેવાકીય સામાજીક સંસ્થાઓ, વિવિધ જ્ઞાતિના આગેવાનો, નિયમિત અને સ્વૈચ્છિક રકતદાતાઓ, સાધ સંતો તેમજ માનવતા જેના લોહીમાં વહે છે તેવા દાતાઓનો દિલથી આભાર માનીએ છીએ.સંસ્થાના સેવાને સમર્પિત કાર્યકર્તાઓ અનુપમ દોશી, , મિતલ ખેતાણી, ઉપેનભાઈ મોદી, ડો. રવી ધાનાણી, હસભાઈ રાચ્છ, જીતુલભાઈ કોટેચા, સુરેશભાઈ બાટવીયા, નલીન તન્ના, ભાસ્કરભાઈ પારેખ, સુનીલ વોરા, ભનુભાઈ રાજગુરૂ, હસુભાઈ શાહ, દિનેશભાઈ ગોવાણી, મહેશભાઈ જીવરાજાની, ગુણેન્દ્રભાઈ ભાડેશીયા, પ્રદિપભાઈ જાની, હિતેષ ખુશલાણી, ધર્મેશ રાયચુરા, રમેશ શીશાંગીયા, પરિમલભાઈ જોષી, હીરેનભાઈ લાલ, જીતભાઈ ગાંધી, અશ્વીન ચૌહાણ, ડો. હાર્દિક દોશી, પંકજ રૂપારેલીયા, જયેન્દ્રભાઈ મહેતા , નયન ગાંધી, વિઠ્ઠલભાઈ સોજીત્રા સહિતના સેવાભાવીઓ તન, મન, ધનથી કાર્યરત છે. કુદરતે પણ જેમની સાથે અન્યાય કરેલ છે અને રકત જેમનો ખોરાક છે તેવા થેલેસેમીયાગ્રસ્ત બાળકોની વહારે ચઢવા અને ભવિષ્યમાં નવા થેલેસેમીયા પીડિત બાળકો જન્મે તે માટે થઈને વિશ્વ થેલેસેમીયા દિવસ છે ત્યારે જયાં થોડું ઘણું કામ થાય છે ત્યાં વેગ આપીએ તેમજ જયાં કાંઈ કામ નથી થતું ત્યાં શરૂઆત કરવાનો સંકલ્પ કરીએ તે સમયની માંગ છે.

— અનુપમ દોશી (મો.૯૪૨૮૨ ૩૩૭૯૬), મિતલ ખેતાણી(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯).

# રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલમાં આગ લાગતા દોડધામ,દુર્ઘટના અને રાહત બચાવ માટે યોજાયું સફળ મોકડ્રીલ

રાજપીપલા,તા ૭

રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલમાં આગ લાગતા દોડધામમચી જવા પામી હતી. જોકે દુર્ઘટના અને રાહત બચાવ માટે યોજાયું સફળ મોકડ્રીલ યોજાયુંહતું

સરકાર ની માર્ગદર્શિકા મુજબ દર માસની તા.૬ ઠ્ઠી એ કોવિડ-૧૯ હોસ્પિટલ અને જનરલ હોસ્પિટલમાં આગની દુર્ઘટના સંદર્ભે ફાયર માટેની મોકડ્રીલ–નિદર્શન યોજવાના ભાગરૂપે આજે રાજપીપલામાં આર્યુવેદિક કોલેજ ખાતે કાર્યરત જિલ્લાની કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતેના કમ્પાઉન્ડમાં કાગળ અને પુઠાના વેસ્ટેડ ઢગલામાં આકસ્મિક લાગેલી આગની દુર્ઘટના અને રાહત બચાવની કામગીરી માટેનું સફળ મોકડ્રીલ-નિદર્શન યોજાયું હતું.



કોવિડ-૧૯ હોસ્પિટલના નોડલ ઓફિસર અને સિવીલ સર્જન ડૉ. જયોતિબેન ગુપ્તાએ ઉકત આગની દુર્ઘટના સફળ મોકડ્રીલ-નિદર્શન અંગે જાણકારી આપતાં જણાવ્યુ હતું કે, સરકારની માર્ગદર્શિકા મુજબ દર માસે યોજાતી આ પ્રકારની મોકડ્રીલનો હેતુ એ રહેલો હોય છે કે હોસ્પિટલમાં ફરજ પરના કાર્યરત તબીબી અધિકારી, સ્ટાફ નર્સ, પેરામેડીકલ સ્ટાફ અને અન્ય આરોગ્યરક્ષકોને આ પ્રકારની આગ લાગે ત્યારે અને ABC અને BC ટાઈપના ફાયર ઈસ્ટીંગીશરનો કયારે અને કઇ રીતે ઉપયોગ કરવો ? તેની કાર્યપધ્ધતિથી સંપૂર્ણ રીતે સમજણ સાથે તેઓ વાકેફ થાય અને આવી દુર્ઘટના સમયે યોગ્ય કાર્યપધ્ધતિથી સમયસર અને સુવ્યવસ્થિત રીતે ઉપલબ્ધ સંશાધનોનો અસરકારક ઉપયોગ થાય તે રહેલો છે.

જિલ્લા વહીવટીતંત્ર, પોલીસતંત્ર અને આરોગ્યતંત્રના અધિકારીઓ અને હોસ્પિટલના સંબંધિત આરોગ્યરક્ષકોની ઉપસ્થિતિમાં રાજપીપલા નગરપાલિકાના ફાયરબ્રિગેડના ફાયરમેન અનિલભાઇ રોહિતે રજૂ કરેલાં ઉકત મોકડ્રીલ-નિદર્શન દરમિયાન જુદા જુદા ફાયર ઈસ્ટીંગીશરના ઉપયોગ અંગે જાણકારી આપતાં જણાવ્યું હતું કે, કાગળ,પુઠા,લાકડુ,રૂ અને પ્લાસ્ટીક વગેરેને છ પ્રકારની આગ કહેવાય છે અને ડિઝલ, પેટ્રોલ, કેરોસીન અને અન્ય કેમિકલ્સથી લાગતી આગને B પ્રકારની આગ કહેવાય છે. તેમજ ગેસથી લાગતી આગને C પ્રકારની આગ કહેવાય છે અને આ ત્રણેય પ્રકારની આગ ઓલવવામાં ABC ફાયર ઈસ્ટીંગીશરનો ઉપયોગ કરવામાં આવે છે, તેવી જ રીતે ઇલેકટ્રીક શોર્ટ સર્કિટથી લાગતી આગને BC પ્રકારની આગ કહેવામાં આવે છે અને તેને ઓલવવા માટે BC પ્રકારના ફાયર ઈસ્ટીંગીશરનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપરોકત ફાયર ઈસ્ટીંગીશરથી જયારે કોઇ આગ કાબૂમા ન આવે ત્યારે હાઇડ્રન સિસ્ટમનો ઉપયોગ કરીને આગને કાબુમાં લાવી શકાય છે તે અંગે પણ શ રોહિતે જરૂરી નિર્દશન સાથે વિસ્તૃત જાણકારી આપી હતી.

બાઈટ :

ડૉ. જયોતિબેન ગુપ્તા, સિવીલ સર્જન અને કોવિડ-૧૯ હોસ્પિટલના નોડલ ઓફિસર

તસવીર :જયોતિ જગતાપ, રાજપીપલા

## નર્મદામાં આજે વધુ ૫૨ કેસ નોંધાયા

# નર્મદા જિલ્લામાં આજે કોરોનાની ચોથીવાર હાફ સેન્ચુરી

### જેમાં નાંદોદ તાલુકામા -૧૦,ગરુડેશ્વર -૧૨,તિલકવડા મા -૧૯,દેડિયાપાડા તાલુકમાં ૦૧,સાગબારા મા ૦૪અને રાજપીપલા ૦૫કેસ નોંધાયા છે.




રાજપીપલા,તા ૬

નર્મદા જિલ્લામાં આજે કોરોનાની ચોથી વાર હાફ સેન્ચુરી પૂરી કરીછે નર્મદામા આજે વધુ ૫૨કેસ નોંધાયા છે

જેમાં નાંદોદ તાલુકામા -૧૧,ગરુડેશ્વર -૧૫,તિલકવડા મા -૧૭,દેડિયાપાડા તાલુકમાં ૦૨,સાગબારા મા ૦૮અને રાજપીપલા ૦૪કેસ નોંધાયા છે

નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૪૧ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૧ સહિત કુલ-૫૨ પોઝિટિવ કેસ નોંધાયા છે.

રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૪૧ દરદીઓને આજે રજા અપાઈ છે આમ, હોમ આઈસોલેશનમા ૮૨ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૪૩ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૧૪૬ અને પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ૬૮ દરદીઓ સહિત કુલ-૩૩૯ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૪૭૬ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૮૭૬ સહિત કુલ-૧૩૫૨ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે.

પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૭૮૨૭૪ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં તાવનાકેસો મા આજે ઉછાળો આવ્યો હતો જેમાં આજે એકજ દિવસ મા ૬૦૭તાવ ના દર્દીઓ નોંધાયા હતા

આ દરદીઓ ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૪૭૩૫ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષાણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૪૯૩૭૫ લોકોને વિતરણ કરાઈ છે.

તસવીર જયોતિ જગતાપ, રાજપીપલા

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચના રજૂ કરવામાં આવે છે.

વિષય : વટ.વચન.વેર, તેમજ ગુજરાત સ્થાપના દિન વિષયક રચનાઓ - .દિવસ - ૬

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

(માત્ર ગ્રુપના સાહિત્ય સર્જકો માટેજ પ્રસિદ્ધ રચનાઓ)

---

### NOG SS No : 0052

વિષય : વટ ,વચન ,વેર
શીર્ષક : વટ શાનો છે ?
પ્રકાર : ગદ્ય (લેખ)

વટ રાખી શું કરવું તારે ? અહી ન તો વટ કામ આવશે ન તો તમારી હોંશિયારી... વટ રાખી શું કરશો અહીં , મારે કશી જરૂર નથી ,મારી પાસે અઢળક સંપત્તિ છે ,સમય આવે ત્યારે બધું હું ખરીદી શકું તેમ છું, જે ફાવે તે ખરીદવાની ક્ષમતા ધરાવું છું ? આવું કહેનારા, જોનારા, સાંભળનારા, દરેકને અંદાઝ બેસી ગયો હશે ?

રોજરોજ લાશોનાં ઢગલાં થતા જોયાં છે , હાલ પરિસ્થિતિ તો જુઓ...રૂપિયા ખર્ચતા ઓકિસજન નથી મળતો.

આ દુનિયામાં અસાધ્ય રોગોથી પીડાતાં લોકો જોયાં છે ,ભૂખથી મરતા , રહેઠાણ માટે ફાંફા મારતા માનવી જોયાં છે , સમય સારો કાયમ રહેવાનો નથી અહીં , આ એકવાતની ગાઢ વાળી લો હંમેશ, વટ શાનો છે ભાઈ ? રૂપિયો તો આજે છે કાલે નહી હોય , આ મોંઘા કપડાં , બ્રાન્ડેડ બ્રાન્ડેડ છે શું ? આ ઢાઠ બાઠ શાના છે ભાઈ ? દરેકનો સમય નક્કી હોય છે ,સમય આજે સારો છે તો આવતીકાલે તે સમય બીજાનો હશે. અને એક સમયે તમારો પણ ખરાબ સમય આવશે , કેમ કે પ્રકૃતિનો નિયમ રહ્યો છે ,દરેક વસ્તુ ન તો કાયમ રહી છે કે ન તો રહેવાની.

સમય આવતા તમારો વહાલસોયા અંગત પ્રિયજન પણ તમને એકલાં છોડી પ્રભુધામ સિધાવી જાય છે.પછી બીજી વસ્તુઓની તેની સામે શી વિસાત?

વટ રાખવો હોય તો સારાં સ્વભાવનો રાખજો, સારાં સંસ્કારનો રાખજો ,સારી ભાવનાનો રાખજો, સારા વ્યક્તિત્વનો રાખજો, સારા કર્મનો રાખજો , સાચાં સંબંધોનો રાખજો , આ વટ કાયમ યાદ રહેશે ,કાયમ તમારાં સારા વટના હિસાબે પૃથ્વી પર તમે અમરત્વ પ્રાપ્ત કરી જશો.

વટ સારો છે ,પણ તેમાં અભિમાન ન હોય તો ...

વટ ખારો છે દરિયા જેવો, પણ જો વટ નદી જેવો હશે તો દરેક સામે સમન્વય સાધી તમે બધાં સાથે સેટ થય જશો.

નક્કી કરો વટ રાખવો છે ? તો કેવો રાખવો છે ?

સંજય તરબદા "સાંજ",વડોદરા

---

### NOG SS No ; 0044

વિષયઃ- ગુજરાત સ્થાપના દિન
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ-

ગુજરાત સ્થાપના દિન ની શુભેચ્છા
ગુજરાત મોરી મોરી રે...
ગુજરાત સોનેરી સોનેરી રે...
ઉત્તરે ઊભો ગૌરવવંતો ગિરનાર.
દક્ષિણે પારસીઓને આવકારતું
સંજાણ બંદર.
પોરબંદરનાં વાણિયે મચાવ્યો તરખાટ,
અંગ્રેજોને કાઢી હિંદુસ્તાન કર્યું આઝાદ.
રજવાડાંને એક કરનાર સરદાર પટેલ
આપ્યાં ગુજરાતે,
ભારતરત્ન મોરારજી દેસાઈ આપ્યાં
ગુજરાતે,
ગુજરાતે ઘણું બધું આપ્યું.
આપણે શું આપીશું ગુજરાતને!
વૃક્ષો વાવી પર્યાવરણ બચાવીશું.
સંકટ ટાળીશું પ્રાણવાયુ તણું!
પાણી બચાવી જળસંકટ ટાળીશું.
દીકરીઓનું રક્ષણ કરી બળાત્કાર
ભગાવીશું.
બાળકોને દફતર કેરાં ભારતમાંથી મુક્ત
કરીશું!
એક થઈ નાથીશું આંતકવાદને.
સાથે મળીને કાઢી કોરોનાને.

વિભૂતિદેસાઈ ઘાસવાલા,
બિલીમોરા

### NOG SS No - 0039

વિષય - શબ્દ- વટ, વચન અને વેર
શીર્ષક - ગૌરવવંતુ ગુજરાત
પ્રકાર - પદ્ય - અછાંદસ
શીર્ષક :- ગૌરવવંતુ ગુજરાત

મારા પ્રિય ગુજરાતનો
બાસઠમો સ્થાપના દિન,
પૂરા એક્સઠ વર્ષનું થયું
મારું ગુજરાત,
વડીલ બની ગયું જાણે!
ઘણું બધું પ્રસ્થાપિત કરી દીધું!
મારા ગુજરાતે,
સરદાર અને ગાંધીનું
ઉમાશંકર જોશી અને ઝવેરચંદ મેઘાણીનું,
રવિશંકર મહારાજ અને ઈન્દુલાલ
યાજ્ઞિકનું
આ ગુજરાત,
મહાન વૈજ્ઞાનિક
વિક્રમ સારાભાઈ
અને
મિલ ઉદ્યોગના પ્રણેતા
કસ્તુરભાઈ લાલભાઈનું
આ ગુજરાત,
ભવ્ય પાટનગર ગાંધીનગર
અને ગુજરાતની જીવાદોરી સમા
નર્મદાબંધ
જેવી ભવ્ય યોજનાઓ
પ્રજાને સમર્પતું
આ ગુજરાત,
ભવ્ય એની સ્થાપના
ભવ્ય એનો ઇતિહાસ
અને
સુંદર એનું ભવિષ્ય,
ગુજરાત
મારુ ગૌરવ
મારુ સુંદર સ્વપ્ન,
શાતા આપે એવા તીર્થો,
રળિયામણો દરિયાકાંઠો,
બાર ગાઉએ બોલી બદલાય
એટલું ભાષાનું વૈવિધ્ય,
છતાં ય
ઐક્ય અને પ્રેમની મિશાલ
સમર્પણ અને સાહસ
ભર્યા માનવો,
અને મારું અલૌકિક અમદાવાદ
અને ગુજરાત!
જ્યાં આપેલાં વચન
પ્રાણના ભોગે પાળે
એવી પ્રજા!
વેરઝેર ભૂલીને,
ખોટો વટ બાજુએ મૂકીને
માનવતાને શોભાવે,
જીવની પરવા કર્યા વગર,
રાત દિવસ જોયા વગર,
પીડિતોની પીડા દૂર કરવા મથી રહેલા
માયાળું માનવો,
અને વિરલાઓ.
આજે સ્થાપના દિવસે દરેક ગુજરાતીને
ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

પ્રફુલ્લા"પ્રસન્ના",અમદાવાદ

---

### NOG SS NO : 0037

વિષય - ગુજરાત સ્થાપના દિવસ નિમિતે.
શીર્ષક - ગુજરાતની ગાથા. ( પદ્ય )

ગુજરાત છે ગુજરાત, આપણાં સૌનું
ગુજરાત...!
આ ગુણવંતું ગુજરાત, આપણાં સૌનું
ગુજરાત...!
નર્મદા જેની શોભા વધારે, આપણું આ
ગુજરાત...!
જાત જાતના લોકો વસે, એવું આપણું
ગુજરાત...!
વિવિધતામાં પણ એક્તા એવું આપણું
ગુજરાત...!
જ્ઞાન સાથે સંસ્કારોનું,સિંચન થાય,
આપણું ગુજરાત...!
રામ, રહીમ જ્યાં સાથે ભણતાં, આપણું
ગુજરાત...!
ગાંધી,સરદાર,અંબાણીનું, આપણું
ગુજરાત...!
કવિ, સંતો, વીરોની ભૂમિ, આપણું
ગુજરાત...!
સિંહણ જેવી નારી શકિત, આપણું
ગુજરાત...!
માટી પણ સુંગંધ પીરસે, આપણું
ગુજરાત...!
પ્રાણીને પણ પ્રેમથી પૂજે, આપણું
ગુજરાત..!
માયાળુ સૌ માનવ વસતાં, આપણું
ગુજરાત..!
ડુંગર, પહાડ, નદી, સમુદ્ર, આપણું
ગુજરાત...!
ગીર ગાજે, સિંહની ગર્જનાથી, આપણું
ગુજરાત...!
કેશર કેરીની મીઠાશ વરસાવે,આપણું
ગુજરાત...!
સમુદ્ર જેના પગ પખાળે, આપણું
ગુજરાત...!
વેપાર, વાણી, વાવણીથી શોભે, આપણું
ગુજરાત...!
દેશ,પરદેશ,ગાવે ગાથા, આપણું
ગુજરાત...!
મને વ્હાલું,જય જય ગરવી ગુજરાત...!
ગુજરાત,ગુજરાત, નમન તુજને
વારંવાર,ગુજરાત...!

હેમલતા દિવેચા.જૂનાગઢ.

---

### NOG SS.NO. 0060

વિષયઃ ગુજરાત સ્થાપના દિન પ્રસંગ.
વિભાગઃ પદ્ય. (અછાંદસ)
શીર્ષકઃ મારી ગુજરાત.

એવી છે તારી અમીરાત,
તેં ઝૂકાવ્યા શીશ અનેક ગુજરાત.
ન ફાવી કોઈની કારી,
હોય ચાહે અંગ્રેજ અધિકારી.
તઘલખી શાસનનો પણ
કર્યો ધ્વસ્ત, એવું તું ગુજરાત.
તારી નર્મદા ને પાણી સબરમતીનું
વધારે શૌર્ય , સામાન્ય જનનું.
દીધાં તેં ગાંધી જગને, જેણે
અમર કર્યું તારું નામ, ગુજરાત.
નરસિંહ મહેતાનાં પ્રભાતિયાંથી
ઉગતાં અહીં સૂરજ ને સવાર.
મેઘાણીનાં ગીતે ગાજે અહીંની
બપોર, સાંજ અને રાત.
શું વેપાર, શું મહેમાનગતિ
એક પણ વાતે ન ઉતરે
ઓછો એક પણ ગુજરાતી.
ગિરનાર ને પાવાગઢમાં
ગૂંજતો સદા જયનાદ.
અંબા તણું મહાત્મ્ય સદા,
ગૂંજતું છોડી સીમા ગુજરાત.
લાંબો તારો દરિયાકિનારો ને
વિરાજતાં દ્વારકાધીશ.
ચાર ધામમાંનું એક ધામ,
રોજ નમતાં અનેક શીશ.
મીઠડાં માનવીઓ ને
બોલી પણ મીઠડી એવી.
ગરબે ઘૂમતી બેન દીકરીઓ
જાણે સાક્ષાત રમે દેવી.
ગુજરાત તારાં અનેક રંગ,
કેટલાં હું ગણાવું?
દરેક જન્મ આપજે ગુજરાતમાં,
ઈશ, બસ એ જ આશિષ માગું.

ભગવતી પંચમતીયા. 'રોશની'

---

### NOG SS No ; 0015

વિષયઃ- ગુજરાત સ્થાપના દિન
વિભાગઃ- પદ્ય
શીર્ષકઃ- ગુજરાત

મારા ગુજરાત તણી આ વાત નિરાળી
ગુજરાત વસે જ્યાં એક વસે ગુજરાતી!
રણ,જંગલ,પર્વત ને સરિતા છલકાતી
કાયમ રહેતી જોને મોસમ મલકાતી!
સિંહ જેવા નર, કેવી નારી મર્દાની
વાતો સાંભળતા ફૂલે ગદગદ છાતી!
ગામ, શહેર વળી કેવા નગર રૂપાળા
શૂરા સાવજડા ખાંભીએ ખોડાણાં!
સંતો, ખાખી, પીર ફકીરો મસ્તાની
દેવોના દૂત મળે હા અલમસ્તાની!
દાતારી, ધર્મ ,ખુમારી જો વખણાતી
જગ આખામાં એની વાતો કહેવાતી!
છાતી ઠોકી બોલે જેના નર નારી
હું ગુજરાતી મારી ભાષા ગુજરાતી.

મેહુલ ત્રિવેદી,(ઘાયલ મેઘ), ખેરાળી

## અઢી કિલોનું વજન ધરાવતી કોવિડ-૧૯ પોઝિટિવ બાળકી ઉપર ટ્રેકિઓ-ઈસોફેગલ ફિસ્યુલા ની સફળ સર્જરી થઈ

# જન્મના બીજા જ દિવસે કોરોના સંક્રમિત થયેલ બાળકી પર જટિલ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી

કહેવાય છે કે કાળા માથાનો માનવી જો ધારી લે તો કશું જ અસંભવ નથી હોતું. અસંભવને સંભવ બનાવતી અને તબીબોની હિંમત માટે દાદ માગી લે તેવી એક ઘટના અમદાવાદ સિવિલમાં બની છે જેમાં ડોક્ટર્સની ટીમ્સે માત્ર બે દિવસની કોવિડ-૧૯ પોઝિટિવ બાળકી ઉપર ટ્રેકિઓ-ઈસોફેગલ ફિસ્ટુલાની સફળ સર્જરી કરીને માત્ર એ બાળકીને નવજીવન જ બક્ષ્યું નથી, આ કપરા કાળમાં એક શ્રમિક પરિવારમાં આનંદની કિલકારીઓ પણ ગૂંજતી કરી છે.

આ વાત નવજન્મેલ માત્ર અઢી કિલો વજન ધરાવતી બાળકીની છે. જેતપુરની એક સ્થાનિક હોસ્પિટલમાં ૧૫ એપ્રિલ, ૨૦૨૧ના દિવસે જગતભાઈ અને હેતલબા ઝાલાની પુત્રીનો જન્મ થયો હતો. જગતભાઈ પેઈન્ટ ઈન્ડસ્ટ્રીમાં શ્રમિક તરીકે કામ કરીને આજીવિકા મેળવે છે. બાળકીના જન્મ બાદ દંપતિ શેર માટીની ખોટ પુરાવાથી ખુશખુશાલ હતું. પણ એવામાં પરિસ્થિતિએ ગંભીર વળાંક લીધો.

બાળકીના જન્મ બાદ જાણવા મળ્યું કે બાળકી ખોરાક લઇ શકતી નહોતી અને તેને ફીણ સાથે ઉલટી થતી હતી. ટેસ્ટ બાદ બાળકીને ટ્રેકિઓ-ઈસોફેગલ ફિસ્ટુલા નામની સમસ્યા હોવાનું નિદાન થયું.

સિવિલ હોસ્પિટલ બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, ×આ બાળવિકાસને લગતી એવી જન્મજાત સમસ્યા છે કે જેમાં અન્નનળીનો ઉપરનો ભાગ બ્લોક હોય બાકીનો અડધો ભાગ શ્વાસનળી સાથે જોડાયેલો રહે.જે કારણોસર બાળકને ભોજન લેવું અશક્ય બની રહે.

બાળકીના જન્મના બીજા જ દિવસે જ તબીબોએ સ્થિતિની ગંભીરતા જોઇને બાળકીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સર્જિકલ મેનેજમેન્ટ માટે રિફર કરી હતી.

અમદાવાદ સિવિલમાં વધુ એક ગંભીર સમસ્યા આ ગરીબ પરિવારની જાણે પ્રતીક્ષા કરી રહી હતી. સિવિલમાં જે દિવસે સવારે ઓપરેશન થવાનું હતું તેના એક દિવસ પહેલા જ બાળકી કોવિડ-૧૯ માટે RTPCR પોઝિટિવ હોવાનું નિદાન થયું. શ્વસનની તકલીફના લીધે બાળકીને હાઈ ફ્લો ઓક્સિજન પર શિફ્ટ કરાઈ.

તબીબો સહિત આખી ટીમ ઉપર કોવિડ-૧૯ની મહામારીનું જોખમ ઝળુંબતું હોવા છતાં તબીબોએ નવજાત બાળકીનો જીવ બચાવવા ૧૮ એપ્રિલે અતિ જટિલ કહી શકાય તેવી સર્જરી કરી. નાના બાળકોના કિસ્સામાં વય જેટલી ઓછી હોય, સર્જરી એટલી જ જટિલ હોય છે. પીડિયાટ્રિક સર્જરીના એસોસિએટ પ્રોફેસર ડૉ. જયશ્રી રામજી અને તેમની ટીમ દ્વારા આ ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું. ઓપરેશનમાં એનેસ્થેસિયા વિભાગના આસિ. પ્રૉફેસર ડૉ. સીમા ગાંધીના વડપણ હેઠળ ઍનિસ્થેટીઝની ટીમ ખડે પગે હતી. સર્જરી બાદ બાળકીને ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલમાં ખસેડાઇ, જ્યાં વધુ ૩ દિવસ તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી. અહી ડૉ. ગાર્ગી પાઠક, ડૉ. આરિફ વોહરા અને ડૉ. અંકિત ચૌહાણની પિડિયાટ્રિશિઅન્સની ટીમે બાળકીની સંભાળ લીધી.

ધીરે ધીરે ડૉક્ટર્સની જહેમત રંગ લાવવા લાગી. પહેલા બાળકીને ઍરવો મશીન પર શિફ્ટ કરાઈ અને પછી હળવેથી ઑક્સિજન સપોર્ટ પણ હટાવી લેવાયો. ઑપરેશનના બીજા જ દિવસથી ટ્યુબ ફિડિંગ પણ શરૂ થઈ ગયું હતું. ઑપરેશનના બારમાં દિવસે ડાઈ સ્ટડી કરાયો, જેમાં કોઈ લિકેજ ન હોવાનુ સાબિત થયું. પછી બાળકીને ચમચી દ્વારા ખોરાક આપવાનું શરૂ કરાયું અને બાદમાં તમામ ટ્યૂબ્સ હટાવી લેવાઇ. હવે બાળકી તેના ઘરે જઇને આનંદનો કિલકિલાટ કરવા સજ્જ બની છે. આ બાળકીના કિસ્સા અંગે સિવિલ હોસ્પિટલના અધિક મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ અને પિડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષીએ કહ્યું કે "ટ્રેકિઓ-એસોફેગિઅલ ફિસ્ટુલા એ દર ૫૦૦૦ દીઠ એક બાળકમાં જોવા મળતી જન્મજાત સમસ્યા છે. તેની સાથે અન્ય તકલીફો જોડાયેલી પણ હોઇ શકે છે. આ સર્જરીના પરિણામનો આધાર અન્નમાર્ગના બંને છેડા વચ્ચેના અંતર ઉપર તેમજ ફેફસાની પરિસ્થિતિ ઉપર આધારિત હોય છે. આમાં બાળક લાળ ગળી શકતું નથી તેથી શ્વાસનળી ઉપર સતત લાળના સ્ત્રાવનું જોખમ હોય છે. અધૂરામાં પૂરું... અન્નમાર્ગ અને શ્વાસનળી વચ્ચેનું ઍબનોર્મલ કમ્યૂનિકેશન ફેફસાં પર ઈન્ફેક્શનનું જોખમ પણ સર્જે છે. આ બિમારીના કિસ્સામાં, તેમજ આ બિમારી હ્રદયની તકલીફ સાથે જોડાયેલી હોય તેવા કિસ્સામાં મૃત્યુ અને મોર્બિડિટી, બંનેનું પ્રમાણ ઊંચું હોય છે. આ વખતે તો કોવિડ-૧૯ એ આવી ગંભીર સર્જરીને વધુ પડકારજનક બનાવી દીધી હતી."

સદભાગ્યે હવે આ બાળકીને હવે સર્જરી કે કોવિડ-૧૯ સાથે જોડાયેલી કોઇ તકલીફ નથી. બાળકીને વેન્ટિલેટરની જરૂર પડે તેવી તકલીફ પણ નથી. પિડિયાટ્રિશિઅન્સ અને પિડિયાટ્રિક સર્જન્સની ક્ષમતાએ આ બાળકીને નવજીવન પૂરું પાડ્યું છે.

સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ જે. વી. મોદી જણાવે છે કે, સિવિલ હોસ્પિટલ બાળકોની અને અન્ય પ્રકારની સર્જરીઓ માટેની કોવિડ અને નોન-કોવિડ અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.. છેલ્લા એક વર્ષમાં સિવિલ હોસ્પિટલ માં અતિ જટિલ અને જૂજ પ્રમાણમાં જોવા મળતી સર્જરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી છે.ઉક્ત પ્રકારની જટિલ સર્જરી તેનું દ્દષ્ટિવંત ઉદાહરણ પૂરંલ પાડે છે.

અમિતસિંહ ચૌહાણ

# કોરોના કાળમાં થેલેસેમિયા મેનેજમેન્ટનું ગુજરાત મોડલે દેશમાં સરાહનીય બન્યું

૮ મે- થેલેસેમિયા ડે . ૯ મે- મધર્સ ડે. આ બે દિવસો વારાફરતી આવે છે, પણ તેને જોડતી એક કડી એટલે કિંજલબહેન. કિંજલબહેન થેલેસેમિયાગ્રસ્ત છે. તે જાણતા હતા તેમની ખોળાના ખુંદનારની ઝંખના જીવનું જોખમ ઉભી કરી શકે તેમ છે. છતાં તેમણે આ જોખમ ઉઠાવ્યું. અને તેમને વિશ્વની કોઈ પણ સ્ત્રી માટેનું પરમ સુખ ગણાતું એવું માતૃત્વનું સુખ મેળવ્યું. તો બે દિવસો ( ૮ મે અને ૯ મે)ની એક કડી સમાન કિંજલબહેનની પ્રેમ, હિંમત,સંઘર્ષભરી કથામાં પ્રવેશીએ.

ગુજરાતી ભાષાના અમર કવિ દુલા ભાયા કાગ બાપુએ માતૃત્વનો મહિમા વર્ણવતા અમર શબ્દોમાં કહ્યું છે કે....

પંડમાં પીડ ઘણી,સાંતીને હસતી સદા; માયા માત તણી,કેમ વીસરીએ કાગડા ? જમ જડાફા? ખાય,મોતે નાળ્યું માંડીયું;છોરૂની ચિંતા થાય, કેમ વીસરીએ કાગડા ? ધમણે શ્વાસ ધમાય, ઘટડામાં ઘોડાં ફરે; છોરુની ચિંતા થાય, કેમ વીસરીએ કાગડા ? અડી ન જગની આગ, તારે ખોળે ખેલતાં; તેનો કીધેલ ત્યાગ, કાળજ સળગે કાગડા !ભગવત તો ભજતાં, માહેશ્વર આવી મળે; મળે ન એક જ માં, કોઇ ઉપાયે કાગડા !

ગુજરાતી ભાષાના અમર કવિ સ્વ. દુલા ભાયા કાગની એક રચનાની ઉપરોક્ત પંક્તિઓ "મા" શબ્દનો અર્થ કેટલો વ્યાપક અને ઊંડાણભર્યો છે તે વિશે થોડામાં ઘણું કહી જાય છે. માતૃત્વ તો સુંદર છે જ, પણ એનાથી પણ સુંદર છે માતાનો તેના સંતાન પ્રત્યેનો પ્રેમ... પોતાનો જીવ જોખમ છે તેવું જાણતી હોવા છતાં પોતાનું અસ્તિત્વ જોખમમાં મૂકીને પણ એક નવા જીવને જન્મ આપે તેનું નામ જ માં... સમગ્ર દુનિયા શનિવારે તા. ૮ મે, ૨૦૨૧ ના દિવસે વર્લ્ડ થેલેસેમિયા ડે ઉજવી રહી છે અને ૯ મે, ૨૦૨૧ ના દિવસે મધર્સ ડે ઉજવશે ત્યારે આ બંને વૈશ્વિક દિનના મહિમાને ઉજાગર કરે તેવો ગુજરાતની એક એવી મહિલાનો કિસ્સો સામે આવ્યો છે.

કિંજલબહેન ગુજરાતની પ્રથમ સંભવિત એવી થેલેસેમિયાગ્રસ્ત બહેન છે કે જેમને આ જન્મજાત વ્યાધિ હોવા છતાં વિધાતા સામે હામ ભીડી અને પોતાની જીવલેણ પરિસ્થિતિ જાણતા હોવા છતાં ગર્ભધારણ કર્યો. અને સ્વસ્થ બાળકીને જન્મ આપીને જ રહ્યાં. આજે માતા અને પુત્રી બંને અત્યંત સ્વસ્થ જીવન જીવે છે. કિંજલબહેનનું વ્યક્તિત્વ આ બંને દિવસના સંદર્ભમાં અનેક માટે પ્રેરણાનું પ્રતીક બન્યું છે અને આગળ પણ બનતુ રહેશે.

કિંજલબહેન જન્મથી જ થેલેસેમિયાગ્રસ્ત હતા. તેથી તેમના લગ્નમાં ઘણી અડચણો આવી. સદભાગ્યે તેમને નવિનભાઈ જેવો સમજદાર જીવનસાથી મળ્યો. મુલાકાત બાદ કિંજલબહેને નવિનભાઈને બિમારી વિશે સત્ય જણાવ્યું પણ નવિનભાઈનો કિંજલબહેન સાથે જ લગ્ન કરવાનો અને હંમેશા કિંજલબહેનના જ થઈને રહેવાનો નિર્ણય અફર રહ્યો. પાંચ વર્ષ સુધી બંનેએ પોતપોતાના પરિવારને મનાવ્યા અને ૨૦૧૭માં બંનેએ ધામધૂમથી લગ્ન કર્યાં.

થેલેસેમિયાગ્રસ્ત કિંજલબહેને દવાઓ લઇને માતૃત્વ માટે શરીર તૈયાર કર્યું

લગ્ન બાદ પતિ નવિનભાઈએ કિંજલબહેનના જીવને બચાવવા માટે બાળક દત્તક લેવાની તૈયારી દર્શાવી, પણ આ વાત કિંજલબહેનને મંજૂર નહોતી. તેમને પોતાના સંતાનને જન્મ આપવો હતો. આખરે કિંજલબહેનની સમજાવટ બાદ નવિનભાઈ તૈયાર થયા. કિંજલબહેને દવાઓ લઇને શરીર માતૃત્વ માટે તૈયાર કર્યું.

આ ઘટના એટલા માટે મહત્વની છે કારણકે થેલેસેમિયાના કોઇ પણ દર્દીના શરીરમાં હંમેશા લોહીની ઉણપ રહે છે, તેથી તેમને દર થોડા દિવસના અંતરે કોઇ ને કોઇ દાતાનું લોહી ચડાવવું પડતું હોય છે. આવી કઠિન પરિસ્થિતિમાં પણ કિંજલબહેને ગર્ભધારણ કરી માતૃત્વશક્તિની ભાવનાને ચાર ચાંદ લગાવ્યાં. એટલું જ નહીં પોતાના અડગ મનોબળ સાથે સ્વસ્થ બાળકી નવ્યાને પણ જન્મ આપ્યો.

એક તરફ કિંજલબહેનને લોહી ચડતું, એ જ વખતે જોડેજોડે દિકરીને સ્તનપાન કરાવતા

એક સંતાનને ઉછેરવામાં એક માતાને જે તકલીફ પડે તે બધી જ તકલીફો કિંજલબહેનને પણ પડી, પણ અહીં વાત અલગ છે કેમકે કિંજલબહેનને થેલેસેમિયા જેવી ગંભીર સમસ્યા પણ હતી. સતત દવાઓ અને સમયાંતરે લોહી ચડાવવા માટે જેવા પડકારોનો સામનો કરીને કિંજલબહેને પોતાની દિકરીને જન્મ આપ્યો. ઘણી વખત તો એવું થતું કે કિંજલબહેન લોહી મેળવવા માટે પોતાની નાની નવ્યાને જોડે લઇને હોસ્પિટલ જતાં જ્યાં એક તરફ કિંજલબહેનને લોહી ચડતું હોય અને બીજી તરફ કિંજલબહેન નવ્યાને જોડેજોડે પેટ ભરાવીને માતા તરીકેની ફરજ પણ સમાંતરે નિભાવતા!

કોરોનાની મહામારીમાં પણ સરકારની મદદથી કિંજલબહેનને લોહી ચડાવવાની સુવિધા મળી રહી, જેનાથી આ મહામારીના સમયમાં પણ કિંજલબહેનને બહુ તકલીફ ન પડી. આ બધી મુશ્કેલી કિંજલબહેને પાર કરી અને હવે તેમાંથી બહાર પણ આવી ગયા છે. હવે નવ્યા બે વર્ષની થઈ ગઈ છે અને સંપૂર્ણ સ્વસ્થ છે.

કોરોના કાળમાં ગુજરાત સરકારે થેલેસેમિયા દર્દીઓ માટે કરેલી મદદ કાબિલેદાદ : ડૉ. અનિલ ખત્રી

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની થેલેસેમિયા કમિટિના ચેરમેન અને થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલ ખત્રી કહે છે કે, કોરોના મહામારીની શરૂઆતથી જ ગુજરાતમાં થેલેસેમિયા ગ્રસ્ત દર્દીઓની તકલીફો શરૂ થઈ ગઈ હતી પણ ખાસ કરીને અમદાવાદમાં આ દર્દીઓ માટે ખુબ જ સુંદર આયોજન કરાયુ હતું. થેલેસેમિયાના દર્દીઓ માટે સૌથી મહત્વનું લોહી હોય છે. ગુજરાત સરકારની મદદથી ખુબ જ સારું આયોજન કરવામાં આવ્યું છે. સરકારે દરેક બ્લડ બેક્રને વાહનો ફાળવ્યાં જેનાથી રક્તદાતાઓને ઘરેથી લાવવા અને મૂકી જવાનું અને લોહી મેળવવાનું કામ નિર્વિઘ્ને અને સમયસર થવા લાગ્યુંછે . ગામડાઓમાં પણ રેડક્રોસ અને સરકારના વાહનોની મદદથી દર્દીને લાવવા અને મૂકી જવાની સુંદર વ્યવસ્થા ગોઠવાઈ હતી.

થેલેસેમિયાની ખુબ મોંઘી દવા સિવિલ હોસ્પિટલ્સમાં સરકાર વિનામૂલ્યે આપે છે.થેલેસેમિયાની દવા ખુબ જ મોંઘી હોય છે, જેને સિવિલ હોસ્પિટલ્સમાં સરકાર વિનામૂલ્યે આપે છે.

એક તરફ કોરોનામાં સરકારની તમામ હોસ્પિટલ્સ વ્યસ્ત હતી. બીજી બાજુ થેલેસેમિયા દર્દી માટે પણ કોવિડઝોનમાં જવું જોખમી હતું, તેથી થેલેસેમિયાના દર્દીઓનો જીવ જોખમમાં ન મુકાય તે માટે શરૂઆતથી જ સરકારે ખુબ મોટી મદદ કરી. એક સુંદર વ્યવસ્થા એવી ગોઠવાઇ જેમાં સરકારે આખા ગુજરાતમાં દરેક સિવિલ હોસ્પિટલથી થેલેસેમિયાની દવા લઇને રેડક્રોસની બ્રાન્ચ ઉપર મૂકી અને એ રીતે થેલેસેમિયાના દર્દી બાળકોને વિના વિઘ્ને અને કોવિડ ઝોનમાં ગયા વગર જ જીવનજરૂરી દવા ઉપલબ્ધ થઈ અને સિવિલના ડોક્ટર્સ ઉપરનો બોજ પણ ઓછો થયો છે, એમ ડૉ. અનિલ ખત્રીએ ઉમેર્યું હતું.

થેલેસેમિયા મેનેજમેન્ટનું ગુજરાત મોડલે દેશમાં સરાહનીય બન્યું

કોરોના મહામારીમાં પણ ગુજરાત સરકારે પ્રિ નેટલ ડાયગ્નોસિસમાં ગર્ભવતી મહિલાનું બાળક થેલેસેમિયા મેજર છે કે નોર્મલ છે તે જાણવામાં કોઇ કસર રહેવા દીધી નથી. થેલેસેમિયા મેનેજમેન્ટની દરેક બાબતમાં ગુજરાત સરકારે ખુબ જ સપોર્ટ આપ્યો છે. ગુજરાત જેવી વ્યવસ્થા દેશના બીજા રાજ્યોમાં પણ ગોઠવાઈ રહી છે, એમ ડૉ. અનિલ ખત્રીએ ઉમેર્યું હતું.

(ફિચર આર્ટિકલ-અમિતસિંહ ચૌહાણ)

# 'મારું ગામ કોરોનામુક્ત ગામ' અભિયાનમાં જોડાયું પોરબંદર જિલ્લાનું મોકર ગામ

પોરબંદર તા.૦૭,

મારૂ ગામ કોરોના મુક્ત ગામ બને તે માટે રાજ્ય સરકાર દ્વારા અભિયાન શરૂ કરાયુ છે. રાજ્યનું દરેક ગામ કોરોના મુક્ત ગામ બને તે દિશામાં રાજ્ય સરકાર દ્વારા કરાયેલા પ્રયાસો અને સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોના સહયોગથી પોરબંદર જિલ્લામાં ગામના આંગણે કોવિડ કેર સેન્ટર બની રહ્યા છે.

પોરબંદર જિલ્લાનું ગામ મોકર ગામ કોરોનાની મહામારીમાં પ્રેરણાનું ઝરણું બન્યું છે.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ચાલી રહેલા આ અભિયાનમાં જોડાવા પોરબંદર જિલ્લાના ગામડાઓ કટિબદ્ધ થયા છે. અન્ય ગામડાઓ સાથે સાથે પોરબંદરનું મોકર ગામ પણ આ અભિયાનમાં જોડાયને કોરોના મૂક્ત ગામના સંકલ્પ સાથે સેવાભાવી ગામલોકો આ સેવાકાર્યમાં જોડાયા છે. મારૂ ગામ કોરોના મુક્ત ગામ સુત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરવા નિયમોનું ચુસ્ત પાલન પણ કરી રહ્યા છે.

ગામના ૪૫ થી વધુ ઉંમરના ૧૧૮૮ લોકો પૈકી ૧૦૪૩ જેટલા એટલે કે ૮૮ % લોકોનું વેક્સીનેશન પૂર્ણ કરવામાં આવ્યું છે.

ગામની આરોગ્યલક્ષી સુવિધાઓ અંગે વાત કરતા તાલુકા પંચાયતના સભ્ય નરશી ભાઈ શિયાણી એ કહ્યું કે, ' ગામના સેવાભાવી લોકો દ્વારા શ્રીરામ સમાજ ખાતે ૧૮ બેડનું કોવીડ કેર સેન્ટર શરુ કરવામાં આવ્યું છે. જેમાં ડૉકટર સહિતના મેડિકલનો સ્ટાફ દર્દીઓને ઓકિસજન સહિતની સારવાર અને સુવિધાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા સહિત સેવાભાવી લોકોના પ્રયાસોથી મહમારીના સમયમાં કોવિડ કેર સેન્ટર શરૂ થતાં દર્દીઓને ઉત્તમ સારવાર તથા બંને ટાઈમ ભોજન અને લીલા નાળિયેર અને મુસંબિનો તાજો રસ વિનામૂલ્યે આપવામાં આવે છે'.

ગામના સરપંચ લખમણ ભાઈ જોડએ કહ્યું કે, ' મોકર ગામ કુરિયર ક્ષેત્રે સમગ્ર ભારતમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. મુખ્ય ૩ કુરિયર એજન્સીના માલિક મોકર ગામના છે. ગામના ૭૦૦ થી વધુ લોકો કુરિયર એજન્સિમા જોડાયેલા છે. ત્યારે મોકર ગામમાં કોવીડ કેર સેન્ટર શરૂ થતાં દર્દીઓને શહેર સુધી સારવાર માટે જવું પડતું નથી'.

અત્રે ઉલ્લેખનીય છે કે, મોકર ગામમાં સરકારની સૂચનાઓ અને અપીલની ચુસ્ત પાલન થાય છે. ગામના યુવાનો કામ વગર ઘરની બહાર નીકળતા નથી. સામાજિક અંતર, માસ્ક અને સેનેટાઈઝર (એસ.એમ.એસ.)નું બધા પાલન કરે છે.

પોરબંદર જિલ્લા વહીવટી તંત્રાનુ સંકલન અને સરકારી અધિકારીઓની આ કામગીરીમાં મદદ મળતાં ગામના આગેવાનોએ રાજય સરકારનો આભાર માન્યો હતો.

# નર્મદા જિલ્લામાં વગર પરવાનગીએ બંને બરી બાયોડીઝલ વેચવાનું મસમોટું કૌભાંડ ઝડપાયું




રાજપીપળા,તા.૭

આજકાલ કોરોના કાળમાં લોકો પૈસા કમાવવા બે નંબરના ધંધા કરતા હોય છે.જેમાં બાયો ડીઝલ પંપ બનાવવા પરવાનગી લેવી પડતી હોય છે.અને સરકારના ધારાધોરણ પ્રમાણે ફાયર સેફ્ટીના સાધનો રાખવા પડે છે.તેનો સ્ટોક રાખવો પડે છે. જીએસી,એસસીના બિલો રાખવા પડે છે.પણ કેટલાક લેભાગુ લોકો આવી કોઈપણ જાતની પરવાનગી લીધા સિવાય બે નંબરનો વેપલો કરી ગેરકાયદેસર રીતે બાયોડીઝલ વેચવાનું કૌભાંડ નર્મદા એલ.સી.બી પોલીસે ઝડપી પાડ્યો છે આ લોકો ઓછા ભાવે બાયોડીઝલ વેચી સરકારને ટેક્ષ માં કરોડોનો ચૂનો ચોપડતા હોય ગેરકાયદેસર બાયોડીઝલ નર્મદામાં વેચવાનું કૌભાંડ ઝડપાયું છે.

બનાવની વિગત અનુસાર સાગબારા તાલુકાના ચોપડાવાવ પાસે દેવગે હોટલની બાજુમાં ખુલ્લી જગ્યામાં એક ટેક્રરથી બાયો ડીઝલપંપના મોટા ટાંકામાં નાખવાનું કામ ચાલુ કર્યું હતું. જેમાં ટાંકુ જમીન માં નાખી રીફીલ પંપથી બે નંબરનું બાયોડીઝલ ભરતા પકડાઈ ગયા હતા, જેમાં એ.એમ.પટેલ પોલીસ ઈન્સ્પેક્ટર એલસીબી નર્મદાના તથા એલસીબી ટીમ સાગબારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા,દરમિયાન પોલીસને બાતમી મળતા બાતમીને આધારે એલસીબી સ્ટાફના પોલીસ માણસો તથા મામલતદાર પુરવઠા વિભાગ દ્વારા ને સાથે રાખી વાળી જગ્યાએ રેડ કરતા એક ટેક્રર નં. જીજે ૧૯ વાય ૧૭૮૬ માંથી કેટલાક ઈસમો ટેક્રરમાં ભરેલ પ્રવાહી પંપના મોટા ટાંકામાં ખાલી કરતા હતા જે તમામને ઝડપી તેમના નામઠામ પુછતા જતીનભાઈ વિઠ્ઠલભાઈ ચોથાણી (હાલ રહે,કામરેજ સુવર્ણ ભૂમિ સોસાયટી ૯/૩૨ તા. જી.સુરત મૂળ રહે, કેશોદ તા. કેશોદ જી. જુનાગઢ ), દિનેશભાઈ રણછોડભાઈ મુધવા ( રહે, સાક્રી, તા. સાક્રી જી. ધુલે,મહારાષ્ટ્ર ), જયપ્રકાશ જટાશંકર મૌર્ય (રહે, અંબિકાનગર, નવાગામ, ડિંડોલી,સુરત, મૂળ રહે, આમીપુર, પો. ઈમામંગજ તા. જ્ઞાનપુર જી. ભદોઈ યુપી )નાની ઝડપી સદર બાયોડીઝલ બાબતે લાઈસન્સ કે મંજૂરીપત્ર માંગતા તેમની પાસે એવો કોઈ પત્ર મળી આવેલ નહીં. આરોપી જતીનભાઈ તથા દિનેશભાઈ તથા જઈ પ્રકાશ જ્વલનશીલ પ્રવાહી બાયો ડિઝલનો જથ્થો રસ્તે જતા વાહનો માં વેચતા હતા બાયોડીઝલ સરકાર ની ગાઈડલાઈન મુજબ કોઈપણ જાતના ફાયર સેફટી ના સાધન રાખ્યા વગર અને સરકારની કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી વગર ગેરકાયદેસર મોટો આર્થિક લાભ મેળવવા માટે જલદ પ્રવાહીનો જથ્થો સંગ્રહ કરી રાખેલ હતો. અને પંપ સંચાલક સરકારી નિયમ મુજબ કોઈપણ જાતના ફાયર સેફ્ટીના સાધનો રાખ્યા વગર બેદરકારી ભર્યું આચરણ કરી તેમજ મંજૂરી વગર સંગ્રહ કરેલ મળી આવેલ. જેમાં આરોપીઓ પાસેથી આશરે ૧૨૦૦૦ લીટર બાયો ડીઝલ કિં. રૂ. ૮૪૦૦૦૦/- તથા ફીલીંગ મશીન કિંમત રૂ ૫૦૦૦૦/- તથા એક ટેક્રર ટ્રક કિં. રૂ. ૨૦૦૦૦૦૦/- ગણી કુલ કિં. રૂ.૨૮૯૦૦૦૦/-ની ગેરકાયદેસર વેચાણ અર્થે આવતા પકડાઈ ગયા હતા.સાગબારા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ઈપીકો કલમ ૨૮૫ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા કલમ ૩૭૧૧ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ અધિક્ષક નર્મદાએ જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિ પર સતત વોચ રાખી નેસ્તો નાબૂદ કરવાની સૂચનાના પગલે એલસીબી ટીમ દ્વારા આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ ઉપર વોચ તથા ખાનગી બાતમીદારો રોકી કાયદેસરની કાર્યવાહી કરવા પ્રયત્નશીલ છે.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ, રાજપીપળા

## શૌર્ય અને બહાદુરી દાખવવા બદલ સ્ત્રી શક્તિનું સન્માન



# પૂજય સ્વામીજી સચ્ચિદાનંદજીના હસ્તે કરવા તેમજ પ્રસંગને અને સાંપ્રત કોરોનાની સ્થિતિમાં માર્ગદર્શન આપતું પ્રવચન

સરદારધામનો મુખ્ય ઉદ્દેશ સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનો છે અને તે અંતર્ગત જુદી જુદી સમાજોપયોગી, શૈક્ષણિક તેમજ યુવા અને નારી સશક્તિકરણની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત કોઈએ અભૂતપૂર્વ સિધ્ધી અથવા તો વિજ્ઞાન, કલા તેમજ બહાદુરીપૂર્વકના કામ કરવા બદલ સબંધિત વ્યક્તિનું સન્માન કરવામાં આવે છે. તા.૨-૫-૨૧ના રોજ પાટણ જિલ્લાના સમી તાલુકાના શ્રી ડાહ્યાભાઈ પટેલનું અકસ્માતે અવસાન થતા તેમના ઘરમાં ધાડપાડુઓ દ્વારા ચોરી કરવાનો પ્રયાસ કરેલ તેમાં ડાહ્યાભાઈના પુત્રી શ્રીમતી કામિનીબેન પટેલ દ્વારા એકલા હાથે કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર હિંમતથી ધાડપાડુઓનો સામનો કરી પકડીને પોલીસને હવાલે કરેલ છે.

શ્રીમતી કામિનીબેન પટેલ એક સ્ત્રી હોવા છતાં બહાદુરીપૂર્વક સામનો કરી ધાડપાડુઓને ભગાડવા બદલ અભૂતપૂર્વ શૌર્ય અને બહાદુરી દાખવવા બદલ અને અન્ય દીકરી / સ્ત્રીઓને પણ પ્રેરણા મળે તેના ભાગરૂપે સરદારધામ દ્વારા તેઓનું સન્માન કરવાનો નિર્ણય કરેલ છે. આ સન્માન સમાજસુધારક અને પ્રગતિશીલ વિચારક પરમ પૂજય શ્રી સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ (દંતાલીવાળા) ના વરદહસ્તે સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ, એસ. પી. રીંગ રોડ, અમદાવાદ ખાતે આજ રોજ સાંજે ૬.૦૦ કલાકે મર્યાદિત લોકોની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. સાથોસાથ સાંપ્રત કોરોનાની સ્થિતિમાં નાગરિકોને ઉપયોગી માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન (મોટીવેશન) મળે તે માટે પૂજ્ય સ્વામીજી દ્વારા ટૂંકું પ્રવચન અપાયું હતું. કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવાનું હોવાથી અને નિયત સંખ્યા જાળવવાનું હોવાથી આ કાર્યક્રમનુ લાઈવ પ્રસારણ કરાયુ હતું.

## ચાલુ સીઝન મા નર્મદા ના આદિવાસીઓને ૮૦૦ કુટુંબોને ૮૧લાખની આવક થઈ.

# નર્મદા જિલ્લામા કોરોનામા પણ પૂર બહારમા ખીલી ઉઠેલી ટીમરૂ પાનની સિઝન,આદિવાસીઓ ખુશ ખુશાલ

## મહારાષ્ટ્ર, છત્તીસગઢ, અને યુપીમા લોકડાઉનને કારણે પર પ્રાંતના વેપારીઓ ન આવી શકતા ગુજરાતના વેપારીઓ માલ ખરીદી રહ્યા છે.

રાજપીપળા,તા.૭

હાલ નર્મદા જિલ્લામાં લગ્નની સીઝન અને ટીમરુપાનની સીઝન શરૂ થઈ છે .ટીમરુનાં પાન આદિવાસીઓ માટે રોજગારીનુ સાધન ગણાય છે. એક મહિનાની આખી સીઝનમાથી ટીમરૂપાનની આવક થીઆદિવાસીઓ ઘરના લગ્ન ઉકેલી નાંખે છે. આ અંગે ફોરેસ્ટરાજપીપલા વન વિકાસ નિગમ ડિવિઝનના ફોરેસ્ટ એક્સપર્ટ અને પૂર્વ મેનેજર એસ. પી.નવરે એ માહિતી આપતા જણાવ્યું છે કે હાલ નર્મદાજિલ્લાના ૧૩ જેટલા ફળ સેન્ટરો પર ટીમરુનાં પાનનું એકત્રીકરણ ચાલી રહ્યુ છે .જેમાં અભ્યારણ્ય વિસ્તાર ના ૬ કેન્દ્રો ડુમખલ, પીપલોદ, મોરજડી, ફુલસર, જુનવદ, ઝરવાણી આ કેન્દ્રો મા પ્રવેશની મનાઈ હોવાથી નિગમ દ્વારા ખાતાકીય કામગીરી કરી ખરીદ કરી ખાનગી વેપરીઓને આપી દેતા ચાલુ સીઝન મા ૩૧લાખની આદિવાસીઓએ ચાલુ સીઝનમા રોજગારી મેળવી છે.અહીં નર્મદાના ૩૦૦ કુટુંબોને એપ્રિલ મેં મા રોજગારી મળી છે.

જયારે અન્ય ૭કેન્દ્રો સાગબારા, ગંગાપુરા, દેડીયાપાડા, રાજપીપલા, આમલેથા, અને ગોરાના જન્ગલમાં વેપારીઓ ને હરાજી દ્વારા ટેન્ડર થી માલ વેચી દેવામાં આવ્યો છે.જેમા ચાલુ સીઝનમા ૫૦૦કુટુંબોનેરોજગારી મળી છે.તેનાથી આદિવાસીઓને ૫૦લાખની આવક થઈ છે. આમ ચાલુ સીઝનમા નર્મદાના આદિવાસીઓને ૮૧ લાખની ૮૦૦કુટુંબો ને આવક થઈ છે.હાલ કોરોના લોકડાઉનમા જયારે લોકોના રોજગાર ધંધા આવક બંધ થઈ ગઈ છે.ત્યારે એક માત્ર ટીમરુપાનની આવક આદિવાસીઓ માટે પૂરક રોજગારીનો વિકલ્પ બન્યા છે.

જયારે ઈનચાર્જ મેનેજર ડી આર ભટ્ટ ગુજરાત રાજય વન વિકાસ નિગમ રાજપીપળાએ જણાવ્યું હતું કે નર્મદા જીલ્લો આદિવાસી વિસ્તાર ગણાય છે.જેમા મે માસમા ટીમરુનાં પાનની સીઝન ગણાય છે.હાલ આદિવાસીઓ વહેલી સવારે જંગલમાંથી ટીમરુનાં પાન તોડીને ઘરે લાવે છે.પછી આખો પરિવાર આખો દીવસ ભેગા થઈને આદિવાસી પરિવાર ૫૦ ૫૦ પાનની જૂડી બનાવે છે.સાંજે ટીમરુપાનના પોટ્લામાથે મૂકી ને નિયત કરેલા ફલ સેન્ટર પર વેચવા પહોચી જાય છે.ગૂજરાત રાજ્ય વન વિકાસ નિગમ દ્વારાચાલુ સાલે ૧૦૦ સ્ટાન્ડર્ડ પુળાના ૧૩૦રૂ.ભાવ નક્કી કર્યો છે.ગત વર્ષે ૧૧૦ હતો.બે વર્ષથી કોરોનામા લોકોના રોજગાર ધંધા અને આવક બંધ થઈ છે. ત્યારે આદિવાસીઓમાટે ટીમરૂ પાનની આવક ઉપયોગી થઈ પડી છે.આજે તેમને સારો ભાવ મલી રહ્યો છે. આદિવાસીઓ વૈશાખની આખી સીઝનમા રોકડા કમાવીને સારી એવી આવક મેળવીને ઘરના લગ્નનો ખર્ચ ઉકેલી નાંખે છે.ઉપરાંત ઘર ખર્ચ ,બાળકોના શિક્ષણનો ખર્ચ પણ કાઢી નાંખે છે.રોકડા નાણા સ્થળ પર જ ચૂકવી દેતા હોવાથી આદિવાસીઓ માટે કોરોનામા રોજગારીના નવા દ્વાર ખુલી જતા આદિવાસીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે.જેમાં એપ્રિલ મેં માસમા ૮૧ લાખનું ચુકવણું રાજપીપળા વન વિકાસ નિગમ અને આદિવાસીઓ પાસેથી ટીમરૂનાપાન ખરીદીને રોકડાના સ્થળ પર હોવાનું જણાવ્યું હતું.

વધુમાં એસપી નવરેએ જણાવ્યું હતું કે દર વર્ષે છત્તીસગઢ, મધ્યપ્રદેશ અન્ય રાજયોમાંથી ટીમરુપાન ખરીદવા મોટા વેપારીઓ આવતા હતા. પણ આ વખતે કોરોના કારણે ગુજરાતમાં પ્રવેશવાની પરવાનગી ન મળતા ગુજરાતમાં સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી શરૂ કરાઇ છે.જેમાં નડિયાદ,ગોધરાના વેપારીઓ આવીને માલ લઈ ગયા હતા.નર્મદાના ટીમરૂપાન સારી ગુણવત્તાવાળા અને મોટાં પાન હોવાથી નર્મદાના ટીમરુપાનની ભારે માંગ રહે છે.આજે પણ ટીમરુનાં પાન માથી ધમધમતો બીડી ઉધ્યોગ કરોડોનુ ટર્ન ઓવર કરી રહ્યો છે.

તસવીર :જયોતિ જગતાપ, રાજપીપળા

## રાજપીપળા પબ્લિક હોસ્પિટલના બોગસ ડોકટરે છેલ્લા ૩ વર્ષમાં

# ૨૦૦ જેટલા દર્દીઓને સારવાર કરી ૩૭ દર્દીઓના મોત નીપજાવી ગુનો કરતા બોગસ તબીબ સામે કાર્યવાહી

રાજપીપળા, તા.૬

નર્મદા જિલ્લામાં કોરોનાની મહામારી ચાલી રહી છે.ત્યારે કેટલાક બોગસ ડોક્ટરો નર્મદામાં દેડકાની જેમ ફુટી નીકળ્યા છે.ઘણા બોગસ ડોક્ટરો પાસે ડોક્ટરનું પ્રમાણપત્ર ન હોવા છતાં એલોપેથીક ની સારવાર કરી દર્દીઓના આરોગ્ય સાથે ચેડા કરતા અને ફરિયાદો નોંધી આપ તબીબો સામે નર્મદા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે રાજપીપળામાં રાજપીપળા પબ્લિક હોસ્પિટલમાં સેવા આપતા હરેશભાઈ ઉર્ફે ભાવિક લાલજીભાઈ કુકડીયા સામે અગાઉ પણ અનેક ફરિયાદો થઇ હતી. તે બોગસ તબીબ સામે વધુ એક પોલીસ ફરિયાદ રાજપીપળા પોલીસ મથકમાં નોંધાઇ છે. જેમાં ડો. ભાવેશભાઈ ઉર્ફે ભાવિક લાલજીભાઈ કુકડીયા એ છેલ્લા ૩ વર્ષો સુધી આ હોસ્પિટલમાં સેવા આપી ૨૦૦થી વધુ દર્દીઓની સારવાર કરી તેમના આરોગ્ય સાથે ચેડા કરી કુલ તેઓના હોસ્પીટલમાં કુલ ૩૭ દર્દીઓના મોત નીપજાવી ગુણો કરતાં તેમની સામે ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જેમાં ફરિયાદી ઈશ્વરભાઈ રામાભાઈ દેસાઈ પી.એસ.આઈ રાજપીપળા (રહે,જીતનગર પોલીસ લાઇન) એ જાતે ફરિયાદી બની આરોપી ભાવેશભાઈ ઉર્ફે ભાવિક લાલજીભાઈ કુકડીયા (રહે, સી /૪૫ વેદાંત રેસીડેન્સી ભારત પેટ્રોલ પંપની પાછળ વડોદરા મૂળ રહે,પીથલપુર ગામ તા. પાલિતાણા જી.ભાવનગર) સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ આરોપી ભાવેશભાઈ જેવો મેડિકલ ડિગ્રી તેમજ મેડીકલ પ્રેક્ટિસ કરવા માટેના સર્ટિફિકેટ ફોટા અને બનાવટી હોવા છતાં પોતાના આર્થિક ફાયદા સારું રાજપીપળા સ્ટેશન રોડ કોર્ટ બાજુમાં આવેલા પબ્લિક હોસ્પિટલ અને ૨૦૧૮ થી લઈ તા.૨૦/૧/૨૧ પહેલા ચલાવી દર્દીઓના સારવાર કરવાથી તેઓની જિંદગી જોખમમાં રહેશે તેમજ સારવાર દરમિયાન દર્દીઓના મોત નિપજાવવાનો પૂરે પૂરો સંભવ અને જાણકારી હોવા છતાં તેઓ હોસ્પિટલમાં આશરે ૨૦૦ જેટલા દર્દીઓની સારવાર કરી તેઓની જિંદગી સાથે ચેડા કરી તેમજ સારવાર દરમિયાન તેઓને હોસ્પિટલમાં કુલ ૩૭ દર્દીઓના મોત નીપજાવી ગુન્હાહિત મનુષ્ય વધનો ગુનો આચરી કરી ગુન્હો કરતા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રિપોર્ટ: જ્યોતિ જગતાપ, રાજપીપળા

# નર્મદા જિલ્લામાં કુલ-૬૭૧ પ્રાથમિક શાળાઓમાં કોવિડ કેર સેન્ટર હેઠળ કુલ-૩૧૯૨ બે ની સુવિધા ઉપલબ્ધ કરાઇ

રાજપીપલા,તા.૭

તા.૧ લી મે થી તા.૧૫ મી મે,૨૦૨૧ સુધી સમગ્ર ગુજરાતમાં મારૂ ગામ કોરોના મુક્ત ગામના હાથ ધરાયેલા રાજયવ્યાપી અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લા કલેકટર ડી.એ.શાહના નેતૃત્વ હેઠળ નર્મદા જિલ્લામાં કોવિડ-૧૯ ના કેસોનું વહેલામાં વહેલી તકે નિદાન થાય તથા સામાન્ય લક્ષણો ધરાવતા દરદીઓને ગ્રામ્યકક્ષાએ સમયસર સારવાર મળી રહે તે હેતુસર જિલ્લાની ૬૭૧ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કોવિડ કેર સેન્ટર કાર્યરત કરાયાં છે.

અત્રે એ ઉલ્લેનિય છે કે, નર્મદા જિલ્લામાં મારૂ ગામ કોરોના મુક્ત ગામ અભિયાન અંતર્ગત દેડીયાપાડા તાલુકાની ૨૧૩ જેટલી શાળાઓમાં કોવિડ કેર સેન્ટર હેઠળ-૬૩૧ પથારી (બેડ), ગરૂડેશ્વર તાલુકાની ૧૧૮ જેટલી શાળાઓમાં કોવિડ કેર સેન્ટર હેઠળ-૬૧૭ પથારી (બેડ), નાંદોદ તાલુકાની ૧૩૩ જેટલી શાળાઓમાં ૭૬૧ પથારી (બેડ), સાગબારા તાલુકાની ૧૦૬ જેટલી શાળાઓમાં ૭૭૮ પથારી (બેડ) અને તિલકવાડા તાલુકાની ૧૦૧ જેટલી શાળાઓમાં કોવિડ કેર સેન્ટર હેઠળ-૪૦૫ પથારીની (બેડ) ની વ્યવસ્થા ઉભી કરાયેલ છે. નર્મદા જિલ્લાની ૬૭૧ પ્રાથમિક શાળાઓમાં કોવિડ સેન્ટર કાર્યરત કરીને તેમાં કુલ ૩૧૯૨ પથારી (બેડ) ની સુવિધા- વ્યવસ્થા કરાયેલ છે. આ કોવિડકેર સેન્ટરમાં ગાદલું, ઓસીકુ, ચાદર, ચારસો, પીવાના પાણીની સુવિધા ઉપરાંત અન્ય વપરાશ માટેના પાણીની સુવિધા, માસ્ક, સેનેટાઇઝર દવાની કીટ, સેનીટેશનની સુવિધા અને સફાઇ તેમજ નાહવા માટેની પણ અલાયદી સુવિધા કરાયેલ છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકશે

''નિરાધાર વિધવા મહિલાઓના પુનઃવસવાટ માટે હાલ ગંગા સ્વરૂપા આર્થિક સહાય (વિધવા સહાય) યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત હાલ અરવલ્લી જિલ્લામાં એપ્રિલ-૨૦૨૧ અંતિત ૨૩૮૯૪ લાભ લઈ રહ્યા છે. અને તેઓને સહાયની ચુકવણી માર્ચ -૨૦૨૦ થી DBT (ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર) દ્વારા નિયમિત દર માસે ચુકવવામાં આવે છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના(વિધવા સહાય યોજના) ગ્રામ પંચાયત અને મામલતદાર કચેરી દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવામાં તથા મંજૂર કરવામાં આવે છે. આવા મંજૂર થયેલ અને માર્ચ -૨૦૨૦ અગાઉનું એરિયર્સ બાકી હોય તેવા કુલ ૧૩૦૮ લાભાર્થીઓને કુલ ૮,૯૦,૫૫૦૦ રકમની માર્ચ - ૨૦૨૦ પહેલાની સહાય ચુકવવામાં આવેલ છે. આમ છતા માર્ચ -૨૦૨૦ અગાઉ મામલતદારશ્રી દ્વારા મંજૂર થયેલ અમુક લાભાર્થીઓને સહાય ન મળતી હોવાની રજુઆતો અત્રેની કચેરીને મળેલ છે. જેથી આવા લાભાર્થીઓ કે જેઓની માર્ચ-૨૦૨૦ અગાઉની મંજૂર થયેલ સહાયની ચુકવણી બાકી હોય અથવા સહાય મંજૂર થઈ હોય પરંતુ સહાય મળતી ના હોય તેવા લાભાર્થીઓને તા.૦૯.મે ૨૦૨૧ સુધીમાં તેમના મામલતદારશ્રી દ્વારા મંજૂર થયેલ હુકમની નકલ, આધારકાર્ડ, બેંક/ પોસ્ટ પાસબુક ના પ્રથમ પાનાની નકલ આ તમામ ડોકયુમેન્ટના વ્યવસ્થિત ફોટો પાડી/સ્કેન કરી અને લાભાર્થીના મોબાઈલ નંબર સાથે અત્રેની કચેરીના Whatsapp નંબર. ૯૯૦૯૩૮૬૧૨૧ પર મસેજ કરવો અથવા પોતાના તાલુકાની મામલતદારશ્રીની કચેરીમાં વિધવા સહાયની કામગીરી સંભાળતા ક્લાર્ક/ઓપરેટરનો સંપર્ક કરવો. વધુ માહિતી માટે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી,અરવલ્લી ના સંપર્ક નં. ૦૨૭૭૪ ૨૪૨૮૧૧ પર સંપર્ક કરવો. તા.૧૦.૦૫.૨૦૨૧ પછી મળેલ રજુઆત/દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહિ જેની નોંધ લેવી.''

# રાજપીપલામાં કોવિડ-૧૯ હોસ્પીટલ ખાતે મંજૂર થયેલી RTPCR લેબમાં સેમ્પલ પરિક્ષણની કામગીરીનો પ્રારંભ

રાજપીપલા,તા ૭

નર્મદા જિલ્લામાં સરકારી આયુવેર્દિક કોલેજમાં કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે સરકાર દ્વારા RTPCR ટેસ્ટ માટે મંજૂર કરાયેલી લેબોરેટરી છેલ્લા બે દિવસથી સંપૂર્ણ રીતે કાર્યરત કરવામાં આવી છે, જેને લીધે નર્મદા જિલ્લાના દરદીઓના RTPCR ટેસ્ટ માટેના એકત્ર કરાયેલા નમૂનાઓનું પરિક્ષણ રાજપીપલાની આ લેબ ખાતે થઇ રહયું છે. અને એક દિવસમાં ૨૪ કલાકની અંદર જ તેના રિપોર્ટ આપવાની સુવિધા ઉપલબ્ધ થઇ છે. કોવિડ-૧૯ હોસ્પિટલના નોડલ અધિકારી અને સિવીલ સર્જન ડો. જયોતિબેન ગુપ્તાએ આજે કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે ઉકત જાણકારી આપતા જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં રાજપીપલા ખાતે છેલ્લા એક વર્ષથી કોવિડ-૧૯ હોસ્પિટલ કાર્યરત છે. અત્યાર સુધી આ જિલ્લાના દરદીઓના RTPCR ટેસ્ટના સેમ્પલ પરિક્ષણ માટે વડોદરાની SSG અને ગોત્રી હોસ્પિટલ ખાતે મોકલવામાં આવતાં હતા. અમૂક સમયે વધુ સેમ્પલ હોય તો અમદાવાદની બી.જે. મેડીકલ કોલેજ ખાતે પણ પરિક્ષણ માટે મોકલેલ છે. અત્યારે કારોનાના કેસ વધવાને લીધે પરિક્ષણ માટે બહાર મોકલવામાં આવતાં સેમ્પલના રિપોર્ટ મેળવવામાં ૩ થી ૪ દિવસ લાગતાં હતાં અને દરદીઓને આ બાબતે પડતી મુશ્કેલી હવે આપણે રાજપીપલા ખાતે આ લેબની થયેલી શરૂઆતને લીધે તેનો સુખદ ઉકેલ લાવી શકયા છીએ.

ડો. જયોતિબેન ગુપ્તાએ વધુમાં ઉમેર્યુ હતું કે, રાજપીપલામાં અહીની કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે છેલ્લા બે દિવસથી RTPCR ટેસ્ટની નવી લેબ કાર્યરત થવાથી પ્રથમ દિવસે-૩૪ સેમ્પલ અને ગઇકાલે-૧૧૮ સેમ્પલનું પરિક્ષણ આ લેબમાં કરાયું હતું અને આજે હજી વધુ સંખ્યામાં RTPCR ટેસ્ટીંગના સેમ્પલનું નિરીક્ષણ કરાશે. હાલમાં પ્રારંભિક તબકકામાં આશરે ૨૦૦ જેટલાં RTPCR સેમ્પલના ટેસ્ટીંગનો લક્ષ્યાંક રાખેલ છે, જેમાં ક્રમશઃ વધારો કરીને ૫૦૦ જેટલાં સેમ્પલનું ટેસ્ટીગ થાય તે પ્રકારની કામગીરીનું આયોજન કરાયુંછે. ડો. જયોતિબેન ગુપ્તાએ વધુમાં જણાવ્યું હતું કે, આજથી ૧૫ દિવસ પહેલાં જિલ્લામાં રાજપીપલા ખાતે RTPCR લેબ માટેની કોઇ મંજૂરી ન હતી. પરંતુ જિલ્લાના પ્રભારી સચિવશ્રીએસ.જે.હૈદર અને જિલ્લા કલેકટરશ્રી ડી.એ.શાહના અથાક પ્રયાસોને લીધે સરકાર તરફથી તાત્કાલિક ધોરણે આ જિલ્લા માટે RTPCR લેબોરેટરીની મંજૂરી મળેલ છે અને માત્ર ૧૫ દિવસમાં જ ઉકત લેબ માટેની તમામ પ્રકારની સાધન-સામગ્રી અને વિજાણુ ઉપકરણો સાથે રાજપીપલામાં RTPCR લેબ કાર્યરત થઇ ગયેલ છે. જેને લીધે અહીં આવતા દરદીઓના RTPCR ટેસ્ટનું પરિક્ષણ પણ આ નવી લેબમાં થઇ શકશે અને એક જ દિવસમાં ૨૪ કલાકની અંદર તેનો રિપોર્ટ આપી શકાશે. રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK